**સુવિચાર**

જીવનમાં સ્ફુર્તિ અપનાવજો માયુસી નહીં.
કોઈ સારો વિચાર આપના સુધી પહોંચ્યો હોય તો જીવનમાં ઉતારજો.

:: સૌજન્ય ::

**નિલકંઠ જ્વેલર્સ**
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૫/૦૧/૨૦૨૪, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.






તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ માગસર વદ-૯ વર્ષ : ૧૫ અંક : ૦૨૧


## સાવરકુંડલાનાં મામલતદાર મારફત રાજયપાલને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું

# લ્યો બોલો : રાજસ્થાનમાં ૪૫૦માં અને ગુજરાતમાં ૯૫૦માં ગેસ સીલીન્ડર

**રાજયમાં છેલ્લા ૩૦ વર્ષથી ભાજપનું શાસન છતાં મહિલાઓ, ખેડૂતો અને આમ આદમીની પરેશાની દૂર થતી નથી**

**સાવરકુંડલા-અમરેલી વચ્ચેના નેશનલ હાઈવે માટે જમીન સંપાદન પ્રક્રિયામાં વ્યાપક પ્રમાણમાં ગોલમાલની આશંકા**

**ખેડૂતોને તાર ફેન્સીંગની સહાય આપવામાં આવતી નથી અને માત્ર તમાશો કરવામાં આવી રહ્યો છે**

**સાવરકુંડલા પંથકનાં કોંગી નેતા નરેશભાઈ દેવાણીની આગેવાનીમાં ખેડૂતો અને કોંગીજનોએ આવેદનપત્ર પાઠવ્યું**



સાવરકુંડલા, તા. ૪

ગુજરાતમાં આમ જનતા, ખેડૂતો, મહિલાઓ પર રોજબરોજ અન્યાય, અત્યાચાર વધી રહ્યા છે, કુદકેને ભુસકે મોંઘવારી, આવશ્યક ચીજ વસ્તુઓના વધતા ભાવ વધારાથી લોકો હેરાન પરેશાન થઈ રહ્યાં છે. ત્યારે સાવરકુંડલા તાલુકા કોંગ્રેસ અગ્રણી અને ખેડૂત આગેવાન નરેશભાઈ દેવાણીની આગેવાની હેઠળ મામલતદાર મારફત રાજયપાલને આવેદનપત્ર પાઠવવામાં આવેલ.


અનુસંધાન પાના ૬ ઉપર


### કળિયુગનાં દિવસો આવ્યા

## મોટી કુંકાવાવ ખાતે એક સગીરે અન્ય સગીર સાથે કર્યુ દુષ્કર્મ

**બિભત્સ વિડીયો પણ મોબાઈલમાં ઉતાર્યો**

અમરેલી, તા. ૪

મોટી કુંકાવાવ ગામે રહેતા ૧૦ વર્ષિય સગીરને ગત તા. ૨/૧ના કે તેના અગાઉ કોઈપણ સમયે કાયદાના સંઘર્ષમાં આવેલ તે જ ગામે રહેતા એક કિશોરે પરાણે ૧૦ વર્ષના સગીર સાથે સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય કરી અને આ બનાવની વાત કોઈને કરશે તો તેને મારશે તેવી ગુનાહીત ધમકી આપી તથા બીજા એક આરોપી સાથે મળી બિભત્સ વિડીયો મોબાઈલમાં ઉતારી અને તેને વાયરલ કરતા આ બનાવ અંગે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાઈ છે.









### ન જાણ્યું જાનકીનાથે ઘડી પછી શું થવાનું છે

# ધારીનાં નતાળીયા પુલ ઉપરથી નીચે પડી જવાથી યુવકનું કમકમાટીભર્યુ મોત

**મૃતક સમઢીયાળા ગામનાં હોવાનું પ્રકાશમાં આવ્યું**



ધારી, તા. ૪

ધારી શહેરમાં આવેલ નતાળીયા પુલની નીચે એક નવયુવાનનો મૃતદેહ મળી આવેલ છે.

બાલમશા પીરની દરગાહની એકદમ સામે આવેલ રેલ્વેના પુલ નીચે એક અજાણ્યા વ્યકિતની લાશ પડેલ હોવાની ઘટના સામે આવેલ છે. ધારી પોલીસ સ્ટાફને આ અંગે ની જાણ લોકોએ કરતા ધારી પોલીસ સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને તપાસ હાથ ધરી હતી. આ યુવાનનુ મોત પુલ પરથી પટકાતા માથામાં ગંભીર ઈજાઓ પહોંચતા થયુ હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જણાતા પંચનામા સહિતની કામગીરી બાદ તેના મૃતદેહને ધારી સામુહિક આરોગ્ય કેન્દ્રમા ખસેડવામા આવ્યો હતો તેમજ આ યુવાન સમઢીયાળા ગામનો જયસુખભાઈ કમાભાઈ વાણીયા હોવાનુ જાહેર થયું હતું.







### જિલ્લા મેજિસ્ટ્રેટ અજય દહિયાનાં ''પાસા'' વોરંટનાં આધારે કાર્યવાહી

# અમરેલી સહિત જુદા-જુદા જિલ્લામાં મિલ્કત સંબંધી ગુન્હા કરનાર આરોપી જેલ હવાલે

### એસપીની સુચનાથી એલસીબીએ આરોપીને પાલનપુર જેલહવાલે કર્યો

અમરેલી, તા. ૪

અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહ દ્વારા અમરેલી જિલ્લામાં ચોરી, લુંટ સહિતના મિલકત–સબંધી ગુન્હાઓ કરવાની ટેવ વાળા ઈસમો, કે જે નાગરિકોની માલ– મિલ્કતની ચોરી કરતા હોય, આવા મિલકત સબંધી ગુનાઓ આચરતા ભયજનક ઈસમો સામે કડક હાથે કાર્યવાહી કરવા અને આવા ગુનેગારોને કાયદાનું ભાન થાય, તેમજ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા સુદઢ બને, તે માટે પાસા–તડીપારના પ્રવર્તમાન કાયદાઓ હેઠળ કાર્યવાહી કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ.એ.એમ. પટેલે અમરેલી



જિલ્લા તથા અન્ય જિલ્લાઓમાં ચોરીઓના ગુનાઓ કરતા ઈસમ ચિરાગ કિશોરભાઈ પરમાર, ઉ.વ. ૨૨ રહે. પંચાસર ચોકડી પાસે, મોરબી, વિરૂધ્ધ પુરાવાઓ એકઠાં કરી, પાસા દરખાસ્ત તૈયાર કરી, પોલીસ અધિક્ષક મારફતે જિલ્લા મેજિસ્ટ્રેટ, તરફ મોકલી આપેલ. લોકોની માલ–મિલકત જેના કારણે જોખમમાં મુકાય શકે તેવા ઈસમની સમાજ–વિરોધી પ્રવૃત્તિ પર અંકુશ લાવવાનું જરૂરી જણાતાં, અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ અજય દહિયાએ ઉપરોકત ઈસમ વિરૂધ્ધ પાસાનું વોરંટ ઈસ્યું કરતાં, અમરેલી પોલીસ અધિક્ષકની સુચના મુજબ અમરેલી એલ.સી.બી.પોલીસ ઈન્સ. તથા એલ.સી.બી. ટીમ દ્વારા ચિરાગ કિશોરભાઈ પરમારને પાસા વોરંટની બજવણી કરી, જિલ્લા જેલ પાલનપુર ખાતે અટકાયતમાં રહેવા મોકલી આપેલ છે.

### ડિસેમ્બર–૧૨ થી ઓક્ટોબર–૧૬ સુધીમાં ઝડપાયા બાદ

# અમરેલી સીટી પોલીસ સ્ટેશનનો મુદ્દામાલ કોર્ટમાં જમા નહી કરાવનાર સામે ફરિયાદ

### એક કર્મીનું નિધન થયું છે અને અન્ય નિવૃત્ત જીવન ગુજારે છે

અમરેલી, તા. ૪

અમરેલી સીટી પોલીસ સ્ટેશનના તત્કાલીન એકાઉન્ટ તથા રાઈટર તરીકે ફરજ બજાવતા બાબુલાલ ચુનીલાલ વસાવા (રહે. ખાડસરા, જી. સુરત) પોતાની ફરજ દરમ્યાન ગત તા. ૪/૧૧/૧૨ થી તા. ૨૫/૧૦/૧૬ના સમયગાળા દરમિયાન તથા અગાઉનો તેમના હસ્તક પડેલ મુદ્દામાલ જે કુલ કેસ–૫૮ જેમાં રોકડ રૂા. ૩,૦૪,૩૦૫ તથા અન્ય વસ્તુ/મુદ્દામાલ જેની કિંમત રૂા. ૫૩,૭૦૦ મળી કુલ રૂા. ૩,૫૮,૦૦૫ નો મુદ્દામાલ તથા આરોપી ચીમનભાઈ વિરજીભાઈ બારોટ/મકવાણા, તત્કાલીન એકાઉન્ટ રાઈટર હેડ રહે. અમરેલી (નિવૃત્ત બાદ મરણ ગયેલ છે.) એ પોતાની ફરજ દરમ્યાનનો તેમના હસ્તકનો મુદ્દામાલ જે કુલ કેસ–૧૨ જેમાં રોકડ રૂા. ૪૮,૫૧૦ તથા અન્ય વસ્તુ/મુદ્દામાલ જેની કિંમત રૂા. ૭૩૩૦ મળી કુલ રૂા. ૫૫,૮૪૦નો મુદ્દામાલ બન્ને આરોપીઓએ સીટી પોલીસ સ્ટેશનના તત્કાલીન એકાઉન્ટ રાઈટર હેડના ચાર્જ દરમ્યાન મહત્વની ફરજ બજાવેલ અને તેઓ રાજય સેવક તરીકે પોતાની ફરજ અંગે સંપુર્ણ માહિતગાર હોય તેમજ પોલીસ સ્ટેશનના પેન્ડીંગ કેસોનો સરકારી મુદ્દામાલ સાચવવાની તેઓની જવાબદારી હોવા છતાં અલગ અલગ ગુન્હાના કામે કબ્જે લેવાયેલ કિંમતી મુદ્દામાલ, રોકડ રકમ તથા અન્ય મુદ્દામાલ સમયસર કોર્ટમાં જમા નહી કરાવી તેમજ નોટબંધી દરમ્યાન રૂપિયા પાંચસો તથા રૂપિયા એક હજારના દરની જુની નોટો બંધ થઈ ગયેલ હોય તે પોતાની કસ્ટડીમાં રાખી મુદત વિત્યા બાદ રજુ કરી કોર્ટ તથા આર.બી.આઈ.ના હુકમ મુજબ સમયસર નહીં જમા કરાવી ફરજમાં નિષ્કાળજી અને બેદરકારી દાખવી કુલ કેસ–૭૦ જેની કુલ રોકડ રકમ રૂા. ૩,૫૨,૮૧૫ તથા અન્ય વસ્તુ/મુદ્દામાલ કિંમત રૂા. ૬૧,૦૩૦ મળી કુલ કિંમત રૂા. ૪,૧૩,૮૪૫ ના મુદ્દામાલની બન્ને આરોપીઓએ પોતાના અંગત ઉપયોગમાં લઈ ઉચાપત કરી સરકાર સાથે છેતરપીંડી, વિસઘાત કરી ગુન્હો કર્યાની ફરિયાદ અમરેલી સીટી પોલીસ સ્ટેશનના પી.આઈ. ડી.કે. વાઘેલાએ નોંધાવી તપાસ હાથ ધરી છે.

### ગોંડલનાં વાછરા ગામનાં ખેડૂતે ફરિયાદ નોંધાવી

# ધારીનાં પાદરગઢ ગામે જમીન ખરીદ કરનાર પાસેથી ખંડણી માંગવામાં આવી

### આરોપીએ ખેતી કાર્ય કરી રહેલ શ્રમિકોને ધમકી દીધી

અમરેલી, તા. ૪

રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાના વાછરા ગામ રહેતા અને ખેતી કામ કરતાં નરેશભાઈ મગનભાઈ જેતાણી નામના ૩૩ વર્ષિય યુવકે ધારી તાલુકાના પાદરગઢ ગામની સીમમા આવેલ ખેતીની જમીન આશરે ૪૦ વિઘા વેચાતી રા ખેલ હોય, જે ખેતીની જમીન બાબતે ધારી તાલુકાના પાદરગઢ ગામે રહેતા રણજીતભાઈ ભરતભાઈ વાળાએ ખેડૂત યુવકને મોબાઈલ ફોન કરીને પોતાની ઓળખ આપી ખેડૂત યુવકે ખરીદેલ જમીન આરોપીને પુછ્યા વગર ખરીદ કરેલ હોય, જેથી ખેડૂત યુવકને તે જમીનમાં ખેતીકામ કરવા માટે રૂપિયા એકવીસ લાખની ખેડૂત યુવક પાસે માંગણી કરી, ખંડણી માંગેલ હોય, અને ખેડૂત યુવક ખંડણી નહિ આપે તો તેને અહિ ખેતી કામ કરવા નહિ દે. અને તેની જમીનમાં નુકશાન કરશે તેવી ધમકી ખેડૂત યુવકને આપેલ હતી. અને આરોપીએ ખેડૂત યુવક પાસેથી બળજબરીથી નાણા કઢાવવાનુ ગુન્હાહિત કાવતરૂ રચી અને ખેત્તરમા ગેરકાયદેસર રીતે પ્રવેશ કરી ખેતરમાં કામ કરતા ભાગીયા તથા મજુરને ગાળો આપી ખેત્તર મૂકીને જતા રહેવાની તથા જાનથી મારી નાખવાની ધમકી આપી આ ખેત્તરની ઓરડીનો રહેલ એક કેમેરો આરોપી રણજીતભાઈએ તોડી રૂપિયા પંદરસોનુ નુકશાન કરેલ હોવાની પણ શંકા હોય આ અંગે પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

### દારૂનાં દુષણ સામે પોલીસની કાર્યવાહી

# અમરેલીનાં ચકકરગઢ રોડ ઉપરથી વિદેશી દારૂ સાથે ૨ વ્યકિતની અટકાયત

અમરેલી, તા. ૪

અમરેલીના ચકકરગઢ રોડ ઉપર રહેતા હરેશભાઈ બિછુભાઈ વાક તથા રણજીતભાઈ બાવકુભાઈ ધાધલ નામના બન્ને આરોપીઓએ વગર પાસ પરમીટે પોતાના કબ્જામાં ભારતીય બનાવટનો ઈગ્લીશ દારૂ બોટલ નંગ–૭ કિંમત રૂપિયા ૩૪૦૦ તથા મોબાઈલ ફોન નંગ–૨ કિંમત રૂપિયા ૧૩,૦૦૦ નો મળી કુલ મુદામાલ કિંમત રૂપિયા ૧૬,૪૦૦ સાથે રેઈડ દરમ્યાન પકડાઈ જતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરી છે.

### તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનિષ ભંડેરી કહે છે

# ડિજિટલ ઈન્ડિયામાં ૭/૧૨ માટે ખેડૂત થયા હેરાન-પરેશાન

અમરેલી, તા. ૪

ભાજપનાં રાજમાં ડિજિટલ ઈન્ડિયાના બણગા ફુકવામાં આવે છે. પરંતુ વાસ્તવિકતા કંઈક જુદી છે. છેલ્લા ૧૦ દિવસથી ખેડૂતો ૭/૧૨ તથા ૮/અ ઓનલાઈન કઢાવવા માટે ધક્કા ખાઈ રહયા છે. પરંતુ સર્વર ઠપ્પ હોવાથી ૭/૧૨ અને ૮–અ નીકળતા નથી. જેને લીધે ખેડૂતો મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. ખેડૂતોને ખેતીવાડીમાં નવું વીજ કનેકશન તથા સરકારી યોજનાઓનો લાભ લેવા માટે ફરજિયાત ૭/૧૨ તથા ૮–અ ની જરૂરિયાત રહે છે. જો સમયસર ૭/૧૨ અને ૮–અ ખેડૂતોને ઓનલાઈન ન મળે તો ખેડૂતો સરકારી યોજનાઓનો લાભ લઈ શકતા નથી. ભાજપ સરકાર એક બાજુ ડિજિટલ ઈન્ડિયાનાં બણગા ફુકે છે અને બીજી બાજુ ખેડૂતો ૭/૧૨ અને ૮–૨ માટે છેલ્લા ૧૦ દિવસથી ધક્કા ખાઈ રહયા હોવાથી તાલુકા કોંગ્રેસ મનીષ ભંડેરીએ ગુજરાતની ભાજપ સરકાર સામે પોતાનો આક્રોશ વ્યકત કર્યો છે.

# બગસરા ખાતે જુનાગઢથી પાલીતાણા જતાં છરી પાલિક સંઘે વિશ્રામ લીધો



તસ્વીર : સમીર વિરાણી–બગસરા



બગસરા, તા. ૪

જુનાગઢથી પાલીતાણા જતો સંઘ દર વર્ષે શિયાળામાં પોતાની માનતા પૂર્ણ કરવા માટે બીજા રાજયમાંથી આપણા સૌરાષ્ટ્રમાં આવેલ વણિક સમાજના પરિવારો દ્વારાપોતાની માનતા પૂર્ણ કરવા માટે જુનાગઢથી પાલીતાણા ખુલ્લા પગે ચાલીને આશરે ૧૪ કિલોમીટરના અંતરમાં પોતાની સાથે આ સંઘમાં ૬૦૦ થી વધુ લોકો જોડાયા હતા. ઉપરાંત સાધુ સાધ્વી સાથે આ સંઘમાં જોડાયા હતા. બગસરા અમરેલી રોડ બાયપાસ પાસે આ સંઘે વિશ્રામ લીધો હતો. જેમાં બગસરા વણિક સમાજના પ્રમુખ ચંદુભાઈ રૂપડા સમાજના ટ્રસ્ટીઓ દ્વારા આ સંઘપતિનું સન્માન સ્વાગત કરવામાં આવ્યું હતું જે તસ્વીરમાં નજરે પડે છે.

# બોટાદ ખાતે ૭ જાન્યુઆરીએ કોળી સમાજ દ્વારા વેવિશાળ પરિચય મેળો

અમરેલી, તા. ૪

બોટાદ ખાતે કોળી શકિત યુવક મંડળ દ્વારા ૬૫મો ઉચ્ચ અભ્યાસ કરતા લગ્નોત્સુક યુવક/યુવતીઓનો વેવિશાળ–પરિચય સમારંભ તા. ૭/૧/૨૦૨૪ રવિવારે આયોજન કરવામાં આવેલ છે. ગુજરાત–સૌરાષ્ટ્રમાં રહેતા સમસ્ત કોળી સમાજનાં યુવક યુવતી ઉચ્ચ અભ્યાસ કરતા ભાગ લઈ શકશે. ભાગ લેવા માગતા યુવક/યુવતી ફોર્મ સ્થળ ભરી ભાગ લઈ શકશે. સ્થળ ઉપર પરિચય બુક આપવામાં આવશે. સ્થળઃ ડો.કેએમ. ગાબુ, અક્ષર વુમન હોસ્પિટલ નવા એસ.ટી. ડેપો સામે પાળીયાદ રોડ બોટાદ, સંપર્ક મંડળ પ્રમુખ રમેશભાઈ ગોહિલ મો. ૯૩૭૪૭૩ ૪૮૨૦ પર સંપર્ક કરવા જણાવેલ છે.

### છેલ્લા ૪ થી ૫ દિવસથી ગુમ થયા બાદ

# અરેરાટી : રાજુલાનાં ૨૦ વર્ષિય યુવકનો મૃતદેહ ધાતરવડી ડેમ-૨ પાસેથી મળી આવ્યો

### મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ભાવનગર ખસેડાયો

રાજુલા, તા. ૪

રાજુલા શહેરમાં ચાર દિવસ પહેલા રાજુભાઈ હુસેનભાઈ જોખિયા ઉંમર ૨૦ નામનાં યુવાન ગુમ થયેલ સતત ચાર દિવસથી પરિવાર મિત્રો શોધખોળ કરી રહ્યા હતા ત્યારે આ યુવાન ના મળતા અંતે રાજુલા પોલીસને જાણ કરવામાં આવેલ ત્યારે પોલીસે પણ મોબાઈલ લોકેશન ટ્રેક કરવાનાં પ્રયત્નો કરેલા. પરંતુ મોબાઈલ બંધ આવેલ ત્યારબાદ મિત્રો સગા વહાલામાં પણ તપાસ શરૂ કરેલી. પરંતુ આ યુવાન મળેલો નહિ રાજુલાનો આ યુવાન રાજુભાઈ હુસેનભાઈ જોખીયા જેને આજે રાજુલા ના ધાતરવડી ડેમ બે



પાણીમાં કોઈ યુવાનની બોડી હોવાના સમાચાર મળતાં પોલીસ ઘટના સ્થળે દોડી આવેલ અને આ બોડી ગુમ થયેલ યુવાનની હોવાનું જાણવા મળેલ મરનાર યુવાન આ ધાતરવડી ડેમ વિસ્તારમાં રહેતો હોવાનું જાણવા મળ્યું આ યુવાનની ડેડ બોડીને પોલીસે રાજુલા સરકારી હોસ્પિટલે પોસ્ટમોર્ટમ માટે લાવવામાં આવેલ. આ સમાચાર વાયુવેગે શહેરમાં પ્રસરતા લોકોના ટોળે ટોળા રાજુલા હોસ્પિટલે એકઠા થયેલા ત્યારે આ ઘટનાની જાણ મુસ્લિમ સમાજ પ્રમુખને થતા તે પણ હોસ્પિટલે દોડી આવેલ સાથે સમાજના તમામ અગ્રણીઓ હોસ્પિટલે દોડી આવેલ ત્યારે આ યુવાનના પોસ્ટમોર્ટમ માટે ભાવનગર ખસેડવામાં આવેલ. આ ઘટના કેવી રીતે બની તે બાબતે પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

### પોલીસ અધિક્ષકની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચની કામગીરી

# સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનનાં અકસ્માતનાં ગુન્હામાં છેલ્લા એક વર્ષથી નાસતો ફરતો આરોપી ઝડપાયો

### આરોપી લખમણ ઉર્ફે લાખો મીણા વિરૂધ્ધ કાર્યવાહી શરૂ

અમરેલી, તા. ૪

અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહે અમરેલી જિલ્લામા ગુનાઓ આચરી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા તા. ૨૭/૧૨/૨૩ થી તા. ૧૫/૧/૨૪ સુધી સ્પે. ડ્રાઈવનું આયોજન કરી, નાસતા ફરતા આરોપીઓ તથા જેલમાંથી ફરાર થયેલ કેદીઓને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપેલ હોય,જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ.



પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમે સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના આઈ.પી.સી. કલમ ૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટ કલમ ૧૭૭, ૧૩૪, ૧૮૪ મુજબના ગુનાનો આરોપી લખમણ ઉર્ફે લાખો રામલાલ મીણા, (રહે. સેમલોપ, તા. જિ. પ્રતાપગઢ રાજસ્થાન) પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે છેલ્લા એક વર્ષથી નાસતો ફરતો હોય, ટેકનીકલ સોર્સ અને બાતમી હકિકત આધારે મજકુર આરોપીને ગત તા. ૩/૧/૨૦૨૪ નાં રોજ પકડી પાડી, આગળની કાર્યવાહી થવા સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

### એસ.ટી. વિભાગના અધિકારીઓ ધ્યાન આપે

# જાફરાબાદ-મહુવા બસ પુનઃ બંધ કરી દેવાતા મુસાફરોમાં રોષ

### બસ શરૂ ન થાય તો આંદોલનની ચીમકી

જાફરાબાદ, તા. ૪

જાફરાબાદ–મહુવા બસ ઘણા વર્ષોથી ચાલતી હતી તે બસ ચાલુ થતાં મુસાફર જનતામાં ખુશી હતી પરંતુ છેલ્લા બે દિવસથી કોઈ અકળ કારણોસર મનસ્વી રીતે મુસાફર જનતાની પરેશાનીનો વિચાર કર્યો વિના છેલ્લા બે દિવસથી બંધ કરી દેવાતા મુસાફર જનતામાં રોષ વ્યાપી ગયો છે.

આ બસ રાજુલા ડેપોમાંથી સવારના ઉપરીને જાફરાબાદ આવતી હતી અને જાફરાબાદ થી પોણા છ વાગ્યે મહુવા જતી હતી. આ બસમાં મહુવા દવાખાનાના કામે જતા દર્દીઓ માટે ખુબજ ઉપયોગી હતી પરંતુ લાંબા સમયથી બંધ હતી તે બસ અમરેલી ડીસી ધામા સાહેબની સુચનાથી ચાલુ કરવામાં



તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

આવી હતી પરંતુ કોઈ અકળ કારણોસર એકાએક બંધ કરી દેવાતા મુસાફર જનતા ભારે હાલાકી ભોગવવી રહી છે મુસાફર જનતામાંથી ચચાઓ થઈ રહી છે કે એસ.ટી. તંત્રની ખાનગી વાહનો સાથે સાંઠગાંઠ તો નથી ને ? તેવી ચર્ચા મુસાફર જનતામાં થઈ રહી છે. જો આ બસ જાફરાબાદ મહુવા બસને તાત્કાલિક ધોરણે ચાલું કરવામાં નહીં આવે તો જાફરાબાદની સાગરખેડૂ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ તેમજ સિટીઝન ફોરમ ઓન હ્યુમન રાઈટ્સ તેમજ પ્રેસ કલબ ઓફ જાફરાબાદ તેમજ વિવિધ સંસ્થાઓ દ્વારા બસ રોકો આંદોલન તેમજ ભારતના બંધારણમાં આપેલ અધિકાર આર્ટિકલ ૧૯, મુજબ સત્યાગ્રહ તેમજ આંદોલન કરવામાં આવશે તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં બંધારણની આર્ટિકલ ૨૨૬, મુજબ રિટ પિટિશન કરવાની ફરજ પડશે તેમજ તેની સંપૂર્ણ જવાબદારી એસટી તંત્રની રહેશે તેની ગંભીર નોંધ લેવી.

# સાવરકુંડલા ખાતે તાલુકા ભાજપ કારોબારી બેઠક મળી

અહેવાલ–તસ્વીર : પ્રતાપ ખુમાણ, કેવલ વેલાણી–સાવરકુંડલા









ગુજરાત પ્રદેશ ભાજપ તેમજ અમરેલી જિલ્લા ભાજપનાં માર્ગદર્શન તળે સાવરકુંડલા તાલુકા ભાજપની કારોબારી મંડળ ધારાસભ્યના 'અટલધારા' કાર્યાલય પાસે પ્રમુખ જીવનલાલ વેકરીયાનાં અધ્યક્ષ સ્થાને તેમજ મંડળ પ્રભારી મનોજભાઈ મહીડાની હાજરીમાં મળી હતી. આગામી લોકસભા ચુંટણીની તૈયારી કરવા માટે તેમજ સંગઠનને વધુ સક્રીય બનાવવા આ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્વાગત પ્રવચન મહામંત્રી ચેતનભાઈ માલાણીએ કર્યુ હતું. પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ દ્વારા ગુજરાતની ૨૬ લોકસભા બેઠકો ૫ લાખથી વધારે મતો જિલ્લાના મકકમ નિર્ધાર તમામ બુથો ઉપર ભાજપ તરફી મતદાન થાય અને આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની જનકલ્યાણકારી યોજનાઓ વિશ્વકર્મા યોજના. આયુષ્માન ભારત, નલ સે જલ, અટલ પેન્શન, સુકન્યા સમૃધ્ધી, ગરીબોને ૨૦૨૮ના વર્ષ સુધી ફ્રી અનાજ, ગામડાનાં છેવાડાનાં માનવીને પહોંચે તેમજ દરેક ગામમાં ૨૨ જાન્યુઆરીએ રામ મંદિરની ભવ્યાતિભવ્ય પ્રાણપ્રતિષ્ઠા સમયે દેરક ગામમાં સ્વચ્છતા અભિયાન અને મંદિરોમાં પુજા અર્ચના થાય તે માટે જરૂરી માર્ગદર્શન જીવનલાલ વેકરીયા દ્વારા અપાયું હતું. સાથો સાથ સાવરકુંડલા તાલુકા મંડલનાં પ્રભારી મનોજભાઈ મહીયાએ પોતાનાં પ્રવચનમાં સંગઠનાત્ક કાર્યો માટે કાર્યકર્તાઓને વધુમાં વધુ સક્રિય થવા માટે હાંકલ પણ કરવા જણાવેલ. આ સમગ્ર કારોબારી બેઠકનું સંચાલન તાલુકા ભાજપ મહામંત્રી નિતીનભાઈ નગદીયાએ કર્યુ હતું તેમ તાલુકા ભાજપની યાદીમાં જણાવાયું હતું.

### ભૂખ્યા બાળસિંહનું પેટ ભરવા માટે

# સા.કુંડલાનાં આંબરડી નજીક ખુલ્લા ખેતરમાં સિંહણે ગાયનો શિકાર કર્યો

### સમી સાંજથી સિંહણ શિકારની શોધમાં હતી



તસ્વીર : સુભાષ સોલંકી-આંબરડી

અમરેલી, તા. ૪

અમરેલીમાં સિંહો દ્વારા વધુ પશુ શિકારની ઘટના સામે આવી છે, સિંહ જાણકારોના મતે કડકડતી ઠંડીની શરૂઆત થાય ત્યારે સિંહોની ભૂખ વધુ ખુલતી હોય છે. ત્યારે સાવરકુંડલાના આંબરડી ગામ નજીક એક સિંહણે ત્રણ ભૂખ્યા બચ્ચાંઓનું પેટ ભરવા એક ગાયનો શિકાર કર્યો હતો અને ખુલ્લા ખેતરમાં બિન્દાસ્ત શિકારની મિજબાની માણી હતી.

સિંહોનું સામ્રાજય ગણાતા અમરેલી જિલ્લામાં સિંહો દ્વારા વધુ શિકાર કર્યાની બનાવ સામે આવ્યો છે. ખાસ કરીને સાવરકુંડલા પંથકમાં સિંહોનો વધુ વસવાટ જોવા મળી રહ્યો છે, મિતિયાળા અભ્યારણ્યને અડીને આવેલા સાવરકુંડલાના આંબરડીથી ખાંભા જવાના રસ્તે સમી સાંજથી એક સિંહણ ત્રણ બચ્ચાં સાથે શિકારની શોધમાં આંટા ફેરા કરતી ખેતરોમાં જોવા મળતા ખેડૂતો અને મજૂરોએ ખેતી કામ અધૂરા છોડી ઘર તરફ ભણી ગયા હતા, ત્યારે ગઈ રાત્રે ૮ વાગ્યે રોડ નજીક આવેલ ખુલ્લા ખેતરમાં એક ગાયનો શિકાર કરી ત્રણ ભૂખ્યા બચ્ચાંઓ સાથે મોડીરાત સુધી બિન્દાસ્ત શિકારની મિજબાની માણી હતી. ત્યાંથી પસાર થતા વાહન ચાલકોને આ નજારો જોવા મળ્યો હતો, એક રાહદારી દ્વારા સિંહો દ્વારા શિકાર કરી મિજબાની માણતા સિંહોનો વિડિયો મોબાઈલમાં કેદ કરી લીધો હતો અને ત્યાર બાદ પણ સિંહબાળોએ વહેલી સવાર સુધી શિકારની મિજબાની માણી હતી.

### મોરને મોડી રાત્રિએ ઉંઘતા ઝડપી લેવાનો પ્રવાસ ભારે પડયો

# શિકારી ખુદ શિકાર થયો : ખાંભાનાં નાનુડી ફીડરમાં ટ્રાન્સફોર્મર ઉપર મોરનો શિકાર કરવા જતાં દીપડો મોતને ભેટયો

### જો કે મોરનું પણ મોત થતાં જીવદયાપ્રેમીઓમાં અરેરાટી



ખાંભા, તા. ૪

ખાંભા ના રેવન્યુ વિસ્તારમાં નાનુડી ફીડરમાં વાડી ધરાવતા ચંદ્રસિંહ રાઠોડની વાડીમાં રાત્રિના સમયે વીજ ટ્રાન્સફોર્મર ઉપર સુતેલા મોરનો શિકાર કરવા ટ્રાન્સફોર્મર ઉપર ચડેલા દીપડાનું વીજ શોક લાગવાથી દીપડા અને મોર બંનેના મોત નિપજયાની ઘટના બનવા પામી છે.

ગીર પૂર્વના તુલસીશ્યામ રેન્જના મીતીયાળા અભ્યારણ્ય નજીક ચંદ્રસિંહ રાઠોડની વાડીમાં રાત્રિના સમયે બનેલી ઘટનાની જાણ વાડી માલિકને થતા તાત્કાલિક આરએફઓ રાજલબહેન પાઠકને જાણ કરતા આરએફઓએ ફોરેસ્ટ ગાર્ડ શિવરાજ ભાઈ વરૂ, ટ્રેકર દિલીપભાઈ વાંક, રજનીભાઈ દવેરા, જીતુભાઈ ઝાલાને ઘટના સ્થળે મોકલી દીપડા તથા મોરને ઉતારી વાડીમાં તપાસ હાથ ધરી દીપડાના મૃતદેહને પીએમ અર્થે ખસેડેલ.

### ધારી ગીરપૂર્વ વન વિભાગ હેઠળની

# તુલસીશ્યામ રેન્જનાં મોટા સમઢીયાળા ગામેથી દીપડાનું રેસ્કયુ કરવામાં આવ્યું

### આરએફઓ આર.ડી. પાઠકની ટીમે જહેમત ઉઠાવી



અમરેલી, તા. ૪

દીપડાઓ શિકારની શોધમાં જંગલ છોડી અને ગામડાઓ તરફ દોટ મૂકી રહ્યા હોય ત્યારે અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના મોટા સમઢિયાળા ગામે એક રહેણાંકી મકાનમાં આવેલ ભેંસ બાંધવાના ફરજામાં ઘૂસી ગયો હતો. દીપડાને જોવા ગામ લોકોના ટોળા એકઠા થયા હતા. ત્યારે વન વિભાગ દ્વારા દીપડાને ટ્રેન્કયુલાઈ કરી બેભાન કરી દીપડાને પકડી પાડયો હતો.

આ બનાવમાં ખાંભા તાલુકાના સમઢિયાળા ગામના કાંતિભાઈ કોરાટ પોતાના ભેંસના ફરજામાં ભેંસ દોહતા હતા તે સમયે વ્હેલી સવારે એક દીપડો ઘુસી આવતાં મકાન માલિક દીપડો જોઈને બહાર ભાગ્યા હતા અને દીપડો અને ભેંસ એક ફરજામાં જોવા મળ્યા હતા. ત્યારે ભેંસ બાંધવાનો ફરજો બહારથી બંધ કરતા દીપડાએ બહાર નીકળવાના ધમપછાડા શરૂ કર્યા હતા અને દીપડાએ બહાર નીકળવા ચારે તરફ દોટ મૂકી હતી પણ દીપડો બહાર નીકળી શકવામાં અસમર્થ થયો હતો. આ બનાવ અંગે મકાન માલિકે વનવિભાગને જાણ કરી હતી.

દીપડો રહેણાંકી વિસ્તારમાં પ્રવેશ્યો હોવાના સમાચાર ગામડાઓમાં ફરી વળતાં દીપડાને જોવા લોકોના ટોળે ટોળા ઉમટયા હતા અને વન વિભાગના ખાંભા-તુલશીશ્યામ રેન્જના આર.એફ.ઓ. રાજલ પાઠક સહિત રેસ્કયું ટીમ મોટા સમઢિયાળા ગામમાં પહોંચી હતી. ત્યારે ગામની અગાસીમાં દીપડાને જોવા ઉમટેલા લોકોને ખાસ તાકીદ કરી હતી અને જો દીપડો નાશી છુટે અને કોઈને ઈજા ના કરે તેની તકેદારી રાખવા ટોળાને દુર કર્યા હતા. બાદ વન વિભાગના ડોકટર વામજા દ્વારા દીપડાને ટ્રાંગ્યુંલાઈજ કરી બેભાન કર્યો હતો. બાદમાં દીપડાને રેસ્કયુ કરી જસાધાર એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડાયો હતો.

આમ દીપડાને બેભાન કરીને વનવિભાગ દ્વારા સમઢિયાળા ગામવાસીઓને દીપડાની દહેશતમાંથી મુકત કરાવ્યા હતા. પણ છાશવારે ગામમાં શિકાર માટે ઘુસતા સિંહો અને દીપડાને કારણે સ્થાનિક લોકો ડર અનુભવતા હોય તે અંગે પણ વનતંત્ર દ્વારા નક્કર કામગીરીઓ કરવી જોઈએ તેવો સૂર પણ ગામડાઓમાંથી ઉઠયો હતો.

# ચલાલા ખાતે ધારાસભ્યનાં કાર્યાલય ખાતે ભાજપની બેઠક યોજાઈ



અમરેલી, તા. ૪

અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ રાજેશભાઈ કાબરીયા તેમજ ચલાલા શહેરના પ્રભારી શરદભાઈ પંડયાની સુચના અને માર્ગદર્શન મુજબ ચલાલા શહેરમાં ધારાસભ્ય જે.વી.કાકડિયાના કાર્યાલય ખાતે આગામી કાર્યક્રમની અગત્યની મીટીંગ યોજાઈ.

મિટિંગમાં ખાસ ઉપસ્થિત કુંકાવાવના પ્રભારી તેમજ નગરપાલિકાના પૂર્વપ્રમુખ હિંમતભાઈ દોંગા, શહેર ભાજપ પ્રમુખ પ્રવીણભાઈ માલવિયા, ઉપપ્રમુખ ભયલુભાઈ વાળા, યુવા પ્રમુખ અવિભાઈ માલા, કિસાન મોરચાના પ્રમુખ ઘનાભાઈ કાથરોટીયા, ચતુરભાઈ માલવીયા, બક્ષીપંચ મોરચાના પ્રમુખ શૈલેષભાઈ ઉનાગર, ઉપપ્રમુખ વનરાજભાઈ (મામા) જેબલીયા, જિલ્લા યુવા મોરચાના મંત્રી તેજસગીરી ગોસાઈ, જયરાજભાઈ વાળા, ચંપુભાઈ ધાધલ, હિતેષભાઈ રામાણી, જીતુભાઈ કાથરોટીયા, ચિરાગભાઈ માલવિયા, મનોજભાઈ બગસરીયા, વિજયભાઈ વાળા, કેતનભાઈ સરવૈયા, રવિભાઈ તલાટીયા, હિરેનભાઈ માલવિયા વગેરે કાર્યકર્તા ઉપસ્થિત રહ્યા હતા અને આગામી કાર્યક્રમોનું માર્ગદર્શન હિંમતભાઈ, પ્રવીણભાઈ અને ભયલુભાઈ દ્વારા આપવામાં આવ્યું.

### જાહેરનામાનો ખુલ્લેઆમ ભંગ થયો

# અમરેલી અને જાનબાઈની દેરડી ગામે ચાઈનીઝ બનાવટની દોરી વેચનાર ઝડપાયા


### પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી

અમરેલી, તા. ૪

અમરેલી તાલુકાના નાના આંકડીયા ગામે રહેતા જીલ ભાવેશભાઈ છત્રોલા તથા વૈભવ જગદીશભાઈ છત્રોલા નામના બંને વિદ્યાર્થીઓ ગત તા. ૩/૧/ના રોજ પોતાના હવાલાવાળા મોટર સાયકલ નં. જી.જે. ૧૪ જે ૯૧૯૫ કિંમત રૂપિયા ૩૫૦૦૦ વાળા ઉપર અમરેલીના ગાયત્રી મંદિર પાસેથી પતંગ ઉડાડવાની ચાઈનીઝ બનાવટની પ્લાસ્ટિકની દોરી ફીરકીઓ કુલ૧૦ કિંમત રૂા. ૧૫૦૦ મળી કુલ કિંમત રૂપિયા ૩૬,૫૦૦ ની વેચાણ કરવા હેરફેર કરતા મળી આવી પકડાઈ જતાં બંને વિદ્યાર્થી સામે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

તેમજ લાઠી તાલુકાના જાનબાઈ દેરડી ગામે રહેતા પરેશભાઈ ઉર્ફે પલ્લુ મનજીભાઈ પરમાર પોતાના કબ્જામાં મોનો સ્કાય નિન્જા તથા મોનોસ્કાય લખેલ ચાઈનીજ માંજાની પ્લાસ્ટીક દોરીની ફીરકી નંગ-૧૦ની કિંમત રૂા. ૨૦૦૦ ના મુદ્દામાલ સાથે દરોડા દરમ્યાન મળી આવતાં જીલ્લા મેજી. અમરેલીના જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કર્યા અંગેની કાર્યવાહી હાથ ધરાયેલ છે.



























### લોહીના વેપાર અંગે કેન્દ્ર સરકારનો મોટો નિર્ણય

# હોસ્પિટલ્સ લોહી માટે માત્ર પ્રોસેસિંગ ફી જ વસૂલી શકશે

**સરકાર તરફથી જાહેર કરાયેલી એડવાઈઝરી તમામ હોસ્પિટલો અને બ્લડ બેન્કોને જારી કરી દેવાઈ, નવા નિયમોનું કડક રીતે પાલન કરવાનો નિર્દેશ**

નવી દિલ્હી, તા.૪

દરેક વ્યક્તિ લોહીની કિંમત જાણે જ છે કે જીવનમાં જીવવા માટે તે કેટલો જરૂરી છે. જ્યારે બીજી બાજુ હવે લોહીના વેચાણનો ધંધો બંધ થશે. એટલે કે હવે દેશમાં લોહી વેચી નહીં શકાય. તેનાથી ફાયદો એ થશે લોહી ન મળતાં કોઈએ જીવ ગુમાવવાનો વારો પણ નહીં આવે. કેમ કે લોહી માટે હોસ્પિટલ કે પછી ખાનગી બ્લડ બેન્ક કોઈ ભારે ભરખમ રકમ ઉઘરાવી નહીં શકે કેમ કે મોદી સરકારે એક મોટો નિર્ણય લીધો છે.

કેન્દ્ર સરકારના નિર્ણય અનુસાર બ્લડ બેન્ક કે હોસ્પિટલો હવે લોહી આપવા માટે ફક્ત પ્રોસેસિંગ ફી જ વસૂલી શકશે. આ ઉપરાંત જે ચાર્જ વસૂલાતા હતા તે હવે વસૂલી નહીં શકાય. સરકાર તરફથી જાહેર કરાયેલી એડવાઈઝરી તમામ હોસ્પિટલો અને બ્લડ બેંકોને જારી કરી દેવામાં આવી છે. નવા નિયમોનું કડક રીતે પાલન કરવા નિર્દેશ અપાયો છે. સીડીએસસીઓવતી જારી કરાયેલા લેટરમાં જણાવાયું છે કે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો સાથે ડ્રગ્સ કન્સલ્ટેટિવ કમિટીની ૬૨મી બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં નિર્ણય લેવાયો કે હવે લોહી વેચી નહીં શકાય. હોસ્પિટલ અને બ્લડ બેંક લોહી માટે ફક્ત પ્રોસેસિંગ ફી ઉઘરાવી શકશે. આમ તો હોસ્પિટલ અને બ્લડ બેન્ક આશરે ૨થી ૬ હજાર રૂપિયા પ્રતિ યૂનિટ વસૂલે છે. લોહીની અછત કે દુર્લભ બ્લડ ગ્રૂપ હોય તો ફી વધુ થાય છે પણ નવા નિયમો અનુસાર હવે ફક્ત પ્રોસેસિંગ ફી જ વસૂલી શકાશે જે ૨૫૦થી ૧૫૫૦ રૂપિયાની વચ્ચે થાય છે. પ્લાઝ્મા તથા પ્લેટલેટ માટે ૪૦૦ રૂપિયા પ્રતિ પેકની ફી લેવાશે.

બ્લડ માટેની ફીને લઈને સરકારે જે નિર્ણય લીધો છે તે દર્દીઓ માટે મહત્ત્વપૂર્ણ છે. ખાસ કરીને થેલેસેમિયા પીડિતો માટે સંજીવની છે જેમને વર્ષમાં અનેકવાર લોહી બદલવું પડે છે. દુર્ઘટનાનો ભોગ બનેલા લોકો અને ગંભીર બીમારીઓની સર્જરી કરનારા લોકોને પણ ગમે ત્યારે લોહીની જરૂર પડે છે એવામાં લોહી સરળતાથી ઉપલબ્ધ થઈ જાય તો જીવ બચાવવો સરળ બની જાય છે.

### પુરીના શંકરાચાર્યનું વિવાદાસ્પદ નિવેદન

# રામલલાની મૂર્તિને મોદી સ્પર્શ કરે એ મર્યાદાની વિરુદ્ધ છે

**પદની ગરિમાનું ધ્યાનમાં રાખીને પુરીના શંકાચાર્ય સ્વામી નિશ્ચલાનંદનો કાર્યક્રમમાં સામેલ ન થવાનો નિર્ણય**

પુરી, તા.૪

દેશના લાખો હિન્દુઓની પ્રતિક્ષાનો અંત થોડા દિવસો બાદ આવશે જ્યારે ભગવાન રામલલા અયોધ્યામાં ભવ્ય મંદિરમાં બિરાજશે. ૨૨મી જાન્યુઆરીએ થનારા પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમને લઈને જ્યાં દેશભરના શ્રદ્ધાળુઓમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે તો બીજી તરફ આને લઈને રાજકીય પક્ષો એકબીજા પર આક્ષેપ અને નિવેદનબાજી કરી રહ્યા છે આ વચ્ચે હવે પુરીના શંકાચાર્ય સ્વામી નિશ્ચલાનંદે પણ આ કાર્યક્રમને લઈને વડાપ્રધાન મોદી પર આકરા પ્રહાર કરતા એક મોટું નિવેદન આપ્યું છે.

શંકરાચાર્ય સ્વામી નિશ્ચલાનંદ બે દિવસ પહેલા રતલામ ખાતે એક ધાર્મિક કાર્યક્રમમાં ભાગ લેવા માટે ગયા હતા ત્યાં તેમણે કહ્યું હતું કે તેઓ અયોધ્યા ખાતે થનારા રામલલાના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના કાર્યક્રમમાં ભાગ લેશે નહીં. તેમણે વધુમાં કહ્યું હતું કે તેઓને તેમના પદની ગરિમાનું ધ્યાન છે આ માટે જ આ કાર્યક્રમમાં સામેલ ન થવાનો નિર્ણય કર્યો છે. તેમણે મોદી પર આકરા પ્રહાર કરતા કહ્યું કે પીએમ મોદી દ્વારા રામલલાની મૂર્તિને સ્પર્શ કરવો એ મર્યાદાની વિરુદ્ધ છે અને મર્યાદા પુરૂષોતમની ગરિમાના ઉલ્લંઘનનો સાક્ષી હું બનીશ નહીં.

આ સાથે તેમણે આકરા શબ્દોમાં કહ્યું વડાપ્રધાન ભગવાનની મૂર્તિને સ્પર્શ કરે અને હું ત્યાં ઉભો રહીને તાળીઓ વગાડું. ભગવાન રામના મંદિરમાં મૂર્તિનો અભિષેક શાસ્ત્રો અનુસાર થવો જોઈએ. આ સિવાય શંકરાચાર્યે જણાવ્યું હતું કે તેમને આમંત્રણ મળ્યું છે જેમાં લખ્યું હતું કે આ કાર્યક્રમમાં એક જ વ્યક્તિ આવી શકે છે આ ઉપરાંત કોઈપણ પ્રકારનો સંપર્ક કરવામાં આવ્યો નથી. જો કે છેલ્લે તેમણે એમ પણ કહ્યું હતું કે રામ મંદિર પર કોઈપણ પ્રકારની રાજનીતિ થવી ન જોઈએ.

### દિલ્હી એક્સાઈઝ પોલિસી મામલો

# ચૂંટણી પહેલાં મારી ધરપકડ કરવા માગે છે : કેજરીવાલ

**આ બે વર્ષમાં કૌભાંડની વાત પણ તપાસ બાદ પણ ક્યાંયથી એક પૈસો મળ્યો ન હોવાનો અરવિંદ કેજરીવાલનો દાવો**

નવી દિલ્હી, તા.૪

દિલ્હી એકસાઈઝ પોલિસી મામલે કેજરીવાલ સરકાર પર સંકટના વાદળો ઘેરાયા છે. આ દરમિયાન દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આજે એક પ્રેસ કોન્ફરન્સ કરી હતી, જેમાં તેણે દરેક પ્રશ્નોના જવાબ આપ્યા જે ઈડી દ્વારા ત્રણ સમન્સ પાઠવ્યા બાદ સતત પૂછવામાં આવી રહ્યા હતા. તેમણે ઈડીના સમન્સને ગેરકાયદે ગણાવતા કહ્યું,"તપાસ એજન્સી લોકસભા ચૂંટણી પહેલા મારી ધરપકડ કરવા માગે છે."

અરવિંદ કેજરીવાલે કહ્યું કે,"દારૂ કૌભાંડપતમે છેલ્લા બે વર્ષમાં આ શબ્દ ઘણી વાર સાંભળ્યો હશે. પરંતુ આ બે વર્ષમાં તપાસ બાદ પણ ક્યાંયથી એક પૈસો મળ્યો નથી.

જો કૌભાંડ થયું છે તો પૈસા ગયા ક્યાં, શું પૈસા હવામાં અદ્રશ્ય થઈ ગયા? આમ આદમી પાર્ટી (આપ)ના ઘણાં નેતાઓને જેલમાં રાખવામાં આવ્યા છે. જ્યારે ભાજપ ખોટા આક્ષેપો કરીને મારી ધરપકડ કરવા માગે છે. મને સમન્સ મોકલવામાં આવ્યા હાત, મારા વકીલોએ કહ્યું કે, આ સમન્સ ગેરકાયદે છે."

મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે સવાલ ઉઠાતા કહ્યું કે, જો બે વર્ષથી તપાસ ચાલી રહી છે તો લોકસભા ચૂંટણી પહેલા કેમ બોલાવવામાં આવી રહ્યા છે? સીબીઆઈએ આઠ મહિના પહેલા મને પૂછપરછ માટે બોલાવ્યો હતો. મે પણ જઈને જવાબો આપ્યા હતા.

તેઓ મારી ધરપકડ કરવા માગે છે, જેથી હું ચૂંટણી પ્રચાર ન કરી શકું. આજે ભાજપ નેતાઓને પોતાની પાર્ટીમાં સામેલ કરવા માટે ઈડી અને સીબીઆઈનો ઉપયોગ કરી રહી છે.

### ઈડીના ત્રીજા સમન્સ છતાં કેજરીવાલ હાજર ન થયા

# ધરપકડની શક્યતા વચ્ચે કેજરીવાલ ત્રણ દિવસ ગુજરાતના પ્રવાસે આવશે

**આપના સંયોજક અરવિંદ કેજરીવાલ પાર્ટી કાર્યકર્તા સમ્મેલનમાં હાજરી આપશે તેમજ જાહેરસભાને સંબોધશે**

નવી દિલ્હી, તા.૪

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને ઈડીએ દિલ્હીની એક્સાઈઝ નીતિમાં કથિત કૌભાંડ કેસમાં હાજર થવા ત્રીજીવાર સમન્સ મોકલ્યા હતા તેમ છતાં તેઓ ઈડી સમક્ષ હાજર નહોતા થયા ત્યારે તેની સામે આકરા પગલા લેવામાં આવી શકે છે અને પાર્ટીએ દાવો કર્યો છે કે તેની ગમે તે સમયે ધરપકડ કરવામાં આવી શકે છે ત્યારે આ વચ્ચે કેજરીવાલ આગામી ત્રણ દિવસ ગુજરાતના પ્રવાસે આવશે જ્યાં તેઓ પાર્ટી કાર્યકર્તા સમ્મેલનમાં હાજરી આપશે તેમજ જાહેરસભાને સંબોધશે.

દેશમાં આ વર્ષે લોકસભાની ચૂંટણી યોજનાર છે અન આ માટે દરેક રાજકીય પક્ષ તૈયારી કરી રહ્યો છે ત્યારે આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલે પણ ચૂંટણીને ધ્યાનમાં રાખીને ગુજરાતના ત્રણ દિવસના પ્રવાસે આવશે. સૂત્રો દ્વારા મળતા અહેવાલ મુજબ તેઓ આગામી ૬,૭, અને ૮ તારીખે ગુજરાત આવશે અને પાર્ટીના કાર્યકર્તા સંમેલનમાં હાજરી આપશે તેમજ એક જાહેરસભાને પણ સંબોધન કરશે. આ ઉપરાંત એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે તેઓ જેલમાં બંધ ગુજરાતના આમ આદમી પાર્ટી (આપ)ના ધારાસભ્ય ચૈતર વસાવાને મળી શકે છે તેમજ તેમના પરિવાર સાથે મુલાકાત કરવાની સંભાવના છે. આ પહેલા દિલ્હી સરકારના મંત્રી સૌરભ ભારદ્વાજ અને રાજ્યસભાના સાંસદ સંદીપ પાઠકે સોશિયલ મીડિયા એક્સપર પોસ્ટ કરતા દાવો કર્યો હતો સીએમ અરવિંદ કેજરીવાલના ઘરે આજે ઈડીની રેડ પડી શકે છે જેના બાદ તેમની ધરપકડ થઈ શકે છે ત્યારે આ સમાચાર વચ્ચે આજે અરવિંદ કેજરીવાલના ઘરની બહાર સુરક્ષા વધારી દેવામાં આવી હતી.

### શેરબજારનો કારોબાર ઊંચા સ્તરે સમાપ્ત થયો

# સેન્સેક્સમાં ૪૯૧, નિફ્ટીમાં ૧૫૧ પોઈન્ટનો વધારો નોંધાયો

**ટોપ ગેઇનર્સમાં બજાજ ફાઇનાન્સ, ટાટા કન્ઝ્યુમર, એનટીપીસી અને ઓએનજીસીના શેરનો સમાવેશ થાય છે**

મુંબઈ, તા.૪

શેરબજારનો કારોબાર ગુરુવારે ઊંચા સ્તરે સમાપ્ત થયો હતો. બીએસઈસેન્સેક્સ ૪૯૧ પોઈન્ટના વધારા સાથે ૭૧,૮૪૭ ના સ્તરે બંધ થયો છે જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૧૫૧ પોઈન્ટના વધારા સાથે ૨૧૬૬૮ ના સ્તર પર બંધ થયો છે.

શેરબજારના નિષ્ણાતોનું કહેવું છે કે શેરબજારમાં હાલની તેજીથી તમારે સાવચેત રહેવાની જરૂર છે અને તમારો નફો સુરક્ષિત રાખવા માટે તમારે શેરબજારમાંથી નફો કમાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

ગુરુવારે, શેરબજારના તેજીના સમયગાળા દરમિયાન, બીએસઈસેન્સેક્સ અને એનએસઈનિફ્ટી ઉછાળા પર કામ કરી રહ્યા હતા. ગુરુવારે, નિફ્ટી મિડકેપ ૧૦૦ ઈન્ડેક્સ ૧.૫૯ ટકા વધ્યો હતો જ્યારે બીએસઈસ્મોલ કેપ એક ટકાથી વધુ વધ્યો હતો. નિફ્ટી આઈટીમાં પણ થોડો વધારો જોવા મળ્યો હતો જ્યારે નિફ્ટી બેંક લગભગ એક ટકાના વધારા સાથે બંધ થયો હતો.

શેરબજારના ટોપ ગેઈનર્સમાં બજાજ ફાઈનાન્સ, ટાટા કન્ઝ્યુમર, એનટીપીસી અને ઓએનજીસીના શેરનો સમાવેશ થાય છે, જ્યારે ટોપ લોઝર્સમાં બીપીસીએલ, એલટીઆઈ માઈન્ડટ્રી, ડો રેડ્ડીઝ લેબ્સ અને એચસીએલ ટેકના શેરનો સમાવેશ થાય છે.

ગુરુવારે શેરબજારમાં મલ્ટીબેગર રિટર્ન આપનારા શેરોમાં ફેડરલ બેંક, લા ઓપાલા, કોરોમંડલ ઈન્ટરનેશનલ, મહિન્દ્રા હોલીડેઝ, સીએમએસ ઈન્ફો સિસ્ટમ અને અશોક લેલેન્ડના શેરમાં વધારો નોંધાયો હતો જ્યારે પીડિલાઈટ, જેન્સોલ એન્જિનિયરિંગ, યુનિફોર્મ ઈન્ડિયા, આઈએસએમટી લિમિટેડ, ફિનોલેક્સ કેબલ. હોમ ફર્સ્ટ ફાઈનાન્સ અને ગેટવે ડિસ્ટ્રિક્ટ પાર્કના શેરમાં ઘટાડો થયો.

ગુરુવારે જિયો ફાઈનાન્શિયલ, પટેલ એન્જિનિયરિંગ, સ્ટોવ ક્રાફ્ટ, ટાટા મોટર્સના શેર વધીને બંધ થયા હતા. એચડીએફસીલાઈફ, કામધેનુ, બ્રાન્ડ કોન્સેપ્ટ, આસીઆઈસીઆઈ બેંકના શેરમાં પણ વધારો નોંધાયો હતો, જ્યારે દેવયાની ઈન્ટરનેશનલ, એક્સાઈડ ઈન્ડસ્ટ્રીઝ, યુનિ પાર્ટ્સ ઈન્ડિયા, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા અને ઓમ ઈન્ફ્રાના શેર નબળાઈ પર બંધ થયા હતા.

ગુરુવારના ટ્રેડિંગમાં, ગૌતમ અદાણી ગ્રૂપની નવ લિસ્ટેડ કંપનીઓમાંથી પના શેરમાં વધારો નોંધાયો હતો, જ્યારે એનડીટીવી, અદાણી ગ્રીન એનર્જી, અદાણી એન્ટરપ્રાઈઝ અને અદાણી એનર્જી સોલ્યુશન્સના શેરો થોડી નબળાઈ સાથે બંધ થયા હતા.

### મર્યાદા ૧ લાખથી વધારીને ૫ લાખ કરવામાં આવી

# ૧૦મી જાન્યુઆરીથી ઓનલાઈન પેમેન્ટ કરવાની મર્યાદા વધારાઈ

**કેન્દ્ર સરકાર દ્વારા નિર્ણય : અત્યાર સુધી માત્ર એક લાખ સુધીની રકમનું જ ઓનલાઈન પેમેન્ટ કરી શકાતું હતું**

નવી દિલ્હી, તા.૪

ઓનલાઈન પેમેન્ટ કરનારાઓને કેન્દ્ર સરકારે નવા વર્ષમાં મોટી ભેટ આપી છે. આજકાલ ઓનલાઈન પેમેન્ટનો વ્યાપક ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. પરંતુ ઓનલાઈન પેમેન્ટ કરવામાં મોટી સમસ્યા નિર્ધારિત રમકની મર્યાદા હતી.

એટલે કે સરકારે એક દિવસમાં ૧ લાખ રૂપિયાથી વધુના વ્યવહારો ઓનલાઈન કરવા પર પ્રતિબંધ મૂક્યો હતો. જો કે, હવે નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા એટલે કે એનસીપીઆઈ એ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના સહયોગથી એટલે કે આરબીઆઈએ આ સમસ્યાનો ઉકેલ શોધી કાઢ્યો છે. જેના પછી એક સમયે ૫ લાખ રૂપિયાની યુપીઆઈ ચુકવણી કરી શકાય છે. જો કે, તેની કેટલીક શરતો છે, જે તમામ વપરાશકર્તાઓને જાણવી જોઈએ.

નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાએ હોસ્પિટલો અને શૈક્ષણિક સંસ્થાઓ જેવી આવશ્યક સંસ્થાઓની ચુકવણી માટે એક સમયે ૫ લાખ રૂપિયાની ઑનલાઇન ચુકવણીમાં છૂટછાટ આપી છે. આ નવો નિયમ આગામી ૧૦ જાન્યુઆરીથી લાગુ થશે.

આ પછી, વપરાશકર્તાઓ તમામ શૈક્ષણિક સંસ્થાઓ અને હોસ્પિટલોના બિલ ચૂકવવા માટે એક સમયે મહત્તમ ૫ લાખ રૂપિયા ચૂકવી શકશે. આ માટે એનસીપીઆઈ દ્વારા બેંકો અને પેમેન્ટ સર્વિસ પ્રોવાઈડર્સને એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે.

એનસીપીઆઈ દ્વારા વેરિફાઈડ વેપારીઓ માટે રુપિયા ૧ લાખથી રુપિયા ૫ લાખની ચુકવણી મર્યાદા લાગુ કરવામાં આવશે. વેપારીએ વધેલી મર્યાદા સાથે પેમેન્ટ મોડ તરીકે યુપીઆઈને સક્ષમ કરવાની જરૂર પડશે. હાલમાં, નેશનલ પેમેન્ટ્સ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા યુપીઆઈ ચૂકવણીની મર્યાદા ૧ લાખ રૂપિયા પ્રતિ દિવસ રાખવામાં આવી છે. છેલ્લી નાણાકીય નીતિ સમીક્ષા બેઠકમાં, આરબીઆઈએ ૫ લાખ રૂપિયાની ચુકવણી મર્યાદાનો પ્રસ્તાવ મૂક્યો હતો. જેના કારણે **Paytm, Google Pay** અને **PhonePe** જેવી પેમેન્ટ એપને ફાયદો થશે.

### પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમમાં આમંત્રણને લઈને વિવાદ

# કોંગ્રેસનો આત્મા હિન્દુ, આમંત્રણ હોય તો અયોધ્યા જવું જોઈએ : યુટીબી

**કોંગ્રેસ પાર્ટીનો આત્મા જ હિન્દુ છે અને તેમાં છુપાવવા જેવું કંઈ નથી : શિવસેનાના મુખપત્ર સામનામાં ટીપ્પણી**

મુંબઈ, તા.૪

અયોધ્યામાં ભવ્ય રામ મંદિરના નિર્માણ બાદ ૨૨ જાન્યુઆરીએ ભગવાન રામની મૂર્તીની પ્રાણ પ્રતિષ્ઠાનો મહોત્સવ માટે તડામાર તૈયારી ચાલી રહી છે ત્યારે આ મુદ્દા પર રાજકારણ પર ગરમાયું છે. ભાજપ માટે આવનારી લોકસભા ચૂંટણી માટે આ મુદ્દો મહત્વનો સાબિત થશે. આ વચ્ચે ગઈકાલે આ અંગે શિવશેના (યુટીબી)એ કહ્યું હતું કે કોંગ્રેસ પાર્ટીનો આત્મા હિન્દૂ છે અને જો પાર્ટીને આમંત્રણ મળ્યું હોય તો કોઈપણ રાજકીય મતભેદોને બાજુ પર રાખીને આ મહોત્સવમાં સામેલ થવું જોઈએ.

ઉદ્ધવ ઠાકરે ની આગેવાની હેઠળની પાર્ટી મહાવિકાસ અઘાડીમાં કોંગ્રેસની સહયોગી પાર્ટી છે અને વિપક્ષી ગઠબંધન ઈન્ડિયાની પણ સભ્ય છે. શિવશેનાએ તેમના મુખપત્ર સામનામાં લખ્યું છે કે જો કોંગ્રેસને અયોધ્યા રામ મંદિરમાં ભગવાન રામની મૂર્તીની પ્રાણ પ્રતિષ્ઠા માટે આમંત્રણ મળ્યું છે તો તેમના નેતાઓએ અયોધ્યા જવું જોઈએ, આમાં ખોટું શું છે? ઉપરાંત કહ્યું હતું કે કોંગ્રેસ પાર્ટીનો આત્મા જ હિન્દૂ છે અને તેમાં છુપાવવા જેવું કંઈ નથી. ઉલ્લેખનીય છે કે આ મહોત્સવ માટે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, સંસદીય દળના અધ્યક્ષ સોનિયા ગાંધી અને લોકસભામાં પાર્ટીના નેતા અધીર રંજન ચૌધરીને આમંત્રણ આપવામાં આવ્યું છે, જો કે કોંગ્રેસે હજુ સુધી તેનું વલણ સ્પષ્ટ કર્યું નથી કે તેમના ટોચના નેતાઓ આ કાર્યક્રમમાં હાજરી આપશે કે નહીં. આ પહેલા ગયા અઠવાડિયે જ પાર્ટીએ કહ્યું હતું કે યોગ્ય સમયે હાજરી આપવી કે નહીં તે અંગેનો નિર્ણય કરશે.

આ સિવાય સામનાના તંત્રીલેખમાં વધુ લખતા કહ્યું હતું કે ભાજપ હિન્દુત્વના ઠેકેદાર છે તે કહેવું ખોટું છે. ઉપરાંત કહેવામાં આવ્યું છે કે કોંગ્રેસે હિંન્દુ સંસ્કૃતિના વિકાસમાં સમાન યોગદાન આપ્યું છે અને કોંગ્રેસે ક્યારેય પણ રામ મંદિરના નિર્માણનો વિરોધ કર્યો નથી. ભારતના પૂર્વ દિવગંત વડાપ્રધાન રાજીવ ગાંધી પણ રામ મંદિરના નિર્માણના પક્ષમાં હતા અને તેના કહેવાથી જ દૂરદર્શન પર પ્રસિદ્ધ રામાયણ સિરિયલનું પ્રસારણ કરવામાં આવ્યું હતું. આ સિવાય ભાજપ પર કટાક્ષ કરતા લખ્યું હતું કે જો તે સમયે વડાપ્રધાન તે પાર્ટીના હોત તો બાબરી મસ્જિદ તોડી પાડવામાં આવી ન હોત. નોંધનીય છે કે ૧૯૯૨ની ડિસેમ્બરે બાબરી મસ્જિદનો ઢાંચો તોડી પાડવામાં આવ્યો હતો તે સમયે પીવી નરસિમ્હા રાવ વડાપ્રધાન હતા.

### મની લોન્ડરિંગ કેસમાં કાર્યવાહી

# કોંગી ધારાસભ્ય-INLDના પૂર્વ ધારાસભ્યને ત્યાં ઈડીના દરોડા

સોનીપત, તા.૪

ઈડીએ આજે હરિયાણાના યમુનાનગર જિલ્લામાં કથિત ગેરકાયદેસર ખાણકામ સાથે સબંધિત મની લોન્ડરિંગ હેઠળ હરિયાણા કોંગ્રેસના ધારાસભ્ય સુરેન્દ્ર પંવાર અને પૂર્વ આઈએનએલડી ધારાસભ્ય દિલબાગ સિંહ અને અન્ય કેટલાક ઠેકાણા પર દરોડા પાડ્યા છે. પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટની જોગવાઈઓ હેઠળ યમુનાનગર, સોનીપત, મોહાલી, ફરીદાબાદ, ચંડીગઢ અને કરનાલ બંને રાજનેતાઓ અને સબંધિત સંસ્થાઓના ૨૦ ઠેકાણા પર સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે.

મની લોન્ડરિંગનો મામલો યમુનાનગર અને આસપાસના જિલ્લાઓમાં થયેલા કથિત ગેરકાયદેસર ખાણકામની તપાસ કરવા માટે નોંધવામાં આવેલી હરિયાણા પોલીસની અનેક એફઆઈઆરથી સામે આવ્યો છે.

ઈડીની અલગ-અલગ ટીમ આજે સવારે સોનીપત પહોંચી હતી અને ધારાસભ્ય સુરેન્દ્ર પંવારના સેક્ટર-૧૫ સ્થિત આવાસ ઉપરાંત અન્ય સ્થાનો પર તપાસ શરૂ કરી હતી. ટીમે ખાણકામ અને અન્ય મામલા સાથે સબંધિત દસ્તાવેજ પણ શોધ્યા હતા.

કોંગ્રેસના ધારાસભ્ય સુરેન્દ્ર પંવારનો હરિયાણા અને રાજસ્થાનમાં ખાણકામનો વ્યવસાય છે. આ મામલે ઈડીપાસે ગેરરીતિની ફરિયાદ પહોંચી હતી જેમાં ઈડીએ હવે તપાસ હાથ ધરી છે. ધારાસભ્ય સુરેન્દ્ર પંવાર પણ પોતાના નિવાસસ્થાને હાજર છે. દરોડા દરમિયાન કેન્દ્રીય સુરક્ષા દળના જવાનોને સ્થળ પર તૈનાત કરવામાં આવ્યા છે.

### કેજરીવાલ સરકાર પર ફરીથી સંકટના વાદળ

# પેથોલોજી-રેડિયોલોજી ટેસ્ટ કૌભાંડમાં સીબીઆઈ તપાસનો એલજીનો આદેશ

નવી દિલ્હી, તા.૪

દિલ્હી એક્સાઈઝ પોલિસી મામલે સંકટમાં ઘેરાયેલી કેજરીવાલ સરકાર ફરી એક વખત સંકટના વાદળ ઘેરાયા છે.

દિલ્હીના ઉપરાજ્યપાલ વિનય કુમાર સક્સેના હાલના દિવસોમાં કેજરીવાલ સરકાર વિરુદ્ધ એક્શન મોડમાં ચાલી રહ્યા છે ત્યારે એલજીપણ એક પછી એક મામલે સરકાર વિરુદ્ધ સીબીઆઈતપાસની ભલામણ કરી રહ્યા છે.

દિલ્હીની મોહલ્લા ક્લિનિકમાં પેથોલોજી અને રેડિયોલોજી ટેસ્ટમાં કૌભાંડ કરવાનો આરોપ લગાવ્યો છે. આરોપ છે કે, દિલ્હીની આ મોહલ્લા ક્લિનિકોમાં નકલી રેડિયોલોજી અને પેથોલોજી ટેસ્ટ કરાવીને પ્રાઈવેટ લેબને ફાયદો પહોંચાડવામાં આવ્યો છે.

આવી સ્થિતિમાં તપાસ રિપોર્ટ મળ્યા બાદ એલજીવિનય સક્સેનાએ સીબીઆઈતપાસના આદેશ આપ્યા છે.

એલજીએ પોતાના ભલામણ પત્રમાં લખ્યું કે, મોહલ્લા ક્લિનિકોમાં નકલી લેબ ટેસ્ટ થઈ રહ્યા છે. તેના માટે નકલી અથવા જે મોબાઈલ નંબર સેવામાં જ નથી તેને નોંધીને દર્દીઓની એન્ટ્રી બતાવવામાં આવી રહી છે.

રિપોર્ટ પ્રમાણે ૧૧ હજાર ૬૫૭ દર્દીઓના રિપોર્ટમાં મોબાઈલ નંબરની જગ્યાએ ૦ લખવામાં આવ્યું હતું. બીજી તરફ ૮,૨૫૧ના રિપોર્ટમાં મોબાઈલ નંબરની જગ્યાએ કંઈ પણ લખવામાં નહોતું આવ્યું.

૩૦૯૨ દર્દીઓના રેકોર્ડમાં મોબાઈલ નંબરની જગ્યાએ તમામ ૧૦ અંક ૯ હતા. જ્યારે કેટલાક દર્દીઓના મોબાઈલ નંબર ૧,૨,૩,૪,૫ થી શરૂ થઈ રહ્યા હતા. ૯૯૯ દર્દીઓના રેકોર્ડમાં ૧૫ સમાન મોબાઈલ નંબર મળી આવ્યા છે.

### ગુજરાતીઓ માટે સૌથી ડરામણી જાણકારી સામે આવી

# એક ગુજરાતીને દર ૭ મિનિટે આવી રહ્યો છે હાર્ટ એટેક

**મેટ્રો સિટીમાં વધી રહેલા કેસની સંખ્યાએ તબીબોની ચિંતામાં કર્યો વધારો ૧૦૮ ઈમરજન્સીના આંકડામાં સૌથી મોટો ખુલાસો કરવામાં આવ્યો હતો**

અમદાવાદ, તા.૪

ગુજરાતમાં ચિંતાજનક રીતે હાર્ટ એટેકની ઘટનાઓ વધી રહી છે. સૌથી ડરામણી માહિતી એ છે કે, રાજ્યમાં દર ૭ મિનિટે એક વ્યક્તિ હાર્ટ એટેકનો ભોગ બની રહી છે. જી હા, ૧૦૮ ઈમરજન્સીના આંકડામાં આ મોટો ખુલાસો થયો છે.

આંકડા કહે છે કે, ગુજરાતમાં દર ૭ મિનિટે હૃદયરોગનો એક વ્યક્તિ ભોગ બને છે. એટલે કે, હાર્ટ એટેક તો કોરોના કરતા પણ ખતરનાક કહી શકાય. ગુજરાતીઓએ કોરોનાથી નહિ, પરંતું હાર્ટ એટેકથી સાવચેત રહેવાની જરૂરી છે. હાર્ટ એટેક માટે લાઈફસ્ટાઈલ, ફાસ્ટફૂડ, માનસિક તણાવ જવાબદાર છે. ૧૦૮ ઈમરજન્સીના આંકડા અનુસાર, વર્ષ ૨૦૨૩માં રાજ્યમાં હૃદયરોગના કુલ ૭૨ હજાર ૫૭૩ કેસ નોંધાયા છે. જેમાં સુરત-વડોદરામાં ૩૧ ટકા, રાજકોટમાં ૪૨ ટકા અને અમદાવાદમાં ૨૮ ટકા કેસ વધારો થયો છે. ૪૨ ટકાના વધારા સાથે રાજકોટ ટોચ પર છે. સતત વધી રહેલાં હાર્ટ એટેકની ઘટના સામે ચિંતા વ્યક્ત કરવાનો સમય આવી ગયો છે. લોકોને સ્વાસ્થ્યનું ધ્યાન રાખવા ડૉક્ટર્સ સૂચના આપી રહ્યાં છે. ૧૦૮ ના આંકડા અનુસાર, સુરતમાં હાર્ટ એટેકના કેસમાં ૩૧ ટકાનો વધારો થયો છે. ત્યારે આજના અપડેટ અનુસાર, સુરતમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪ લોકોને હાર્ટ એટેક આવ્યો છે. ચાર મહિના પહેલાં જન્મેલી બાળકીએ પિતા ગુમાવ્યા.

સુરતમાં એક યુવકને ચા પીધા બાદ હાર્ટ એટેક આવ્યો હતો, તો અન્ય એકનું ફૂટપાથ પર ઢળી પડ્યા બાદ મોત નિપજ્યુ હતું. તો શહેરના પાંડેસરા વિસ્તારના નાગસેન નગરમાં ૩૫ વર્ષના સુનિલ બિરાડેને અચાનક જ છાતીમાં દુખાવો થયો હતો. જેથી તેમને સારવાર માટે તાત્કાલિક ૧૦૮ મારફતે સિવિલ હોસ્પિટલ લઈ આવવામાં આવ્યા હતા. પરંતુ ફરજ પરના તબીબો દ્વારા તેને મૃત જાહેર કરાયા હતા. પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ આ તમામના મોતનું કારણ જાણી શકાશે. હાર્ટ એટેકના વધતા કિસ્સા આરોગ્ય વિભાગ માટે ચિંતાનો વિષય બન્યો છે.

ગુજરાતમાં હૃદય રોગની બીમારીમાં છેલ્લા એક વર્ષમાં સતત વધારો થયો છે. હજારો લોકોના હાર્ટ એટેકથી મૃત્યુ થયાનું સામે આવ્યું છે.

૧૦૮એ તાજેતરમાં જ હૃદય રોગના આંકડા જાહેર કર્યા છે. ૧૦૮એ વર્ષ ૨૦૨૩માં ૭૨ હજાર ૫૭૩ હૃદય રોગને લગતી ઈમરજન્સી હેન્ડલ કરી. છેલ્લા છ વર્ષ એટલે કે વર્ષ ૨૦૧૮થી વર્ષ ૨૦૨૩માં સુધી કેટલા કેસ નોંધાયા તેની આંકડા પર એક નજર કરીએ...

૨૦૧૮માં ૫૩,૭૦૦ હૃદય રોગના કેસ નોંધાયા

૨૦૧૯માં ૬૩,૬૨૮ હૃદય રોગના કેસ નોંધાયા

૨૦૨૦માં ૪૪,૭૯૭ હૃદય રોગના કેસ નોંધાયા

૨૦૨૧મા ૪૨,૫૫૫ હૃદય રોગના કેસ નોંધાયા

૨૦૨૨માં ૫૬,૨૭૭ હૃદય રોગના કેસ નોંધાયા

૨૦૨૩માં ૭૨,૫૭૩ હૃદય રોગના કેસ નોંધાયા

૨૦૧૮માં હૃદય રોગના ૫૩,૭૦૦ કેસ હતા તેની સરખામણીએ વર્ષ ૨૦૨૩માં ૩૫% વધુ કેસ નોંધાયા છે. અમદાવાદ, સુરત, રાજકોટ, ભાવનગર અને વડોદરામાં હૃદય રોગના કેસ પર નજર કરીએ. અમદાવાદમાં ૨૧૪૯૬ કેસ, સુરતમાં ૫૪૦૮ કેસ, રાજકોટમાં ૪૯૧૦ કેસ, ભાવનગરમાં ૩૭૬૯ કેસ અને વડોદરામાં ૩૬૧૮ કેસ નોંધાયા છે. ૧૦૮ ઈમરજન્સીએ આ આંકડાને લઈને એવું પણ અનુમાન લગાવ્યું છે કે, દર ૭:૩૦ મિનિટે એક વ્યક્તિને હૃદય રોગને લગતી બીમારી સામે આવી રહી છે. લોકોની બદલાતી ટેવ, ફૂડ, માનસિક સ્ટ્રેસ અને વધારે પડતું જીમ કરવાથી પણ હૃદય રોગનો હુમલો આવી શકે છે.

# અમરેલીનાં ચાંદગઢ ખાતે 'વિકસિત ભારત સંકલ્પ' યાત્રા કાર્યક્રમ યોજાયો



વર્ષ–૨૦૪૭ સુધીમાં આઝાદીના સતાબ્દી પર્વે વિકસિત ભારત બનાવવાના સંકલ્પને ચરિતાર્થ કરવાના હેતુથી સમગ્ર દેશ સહિત રાજયમાં યોજાઈ રહેલી 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'ને બહોળો પ્રતિસાદ મળી રહ્યો છે. આ 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' અન્વયે અમરેલીના ચાંદગઢ મુકામે સાંસદ નારણભાઈ કાછડિયાની પ્રેરક ઉપસ્થિતિમાં અને વિધાનસભાના નાયબ મુખ્યદંડક કૌશિકભાઈ વેકરિયાના અધ્યક્ષસ્થાને અમરેલી તાલુકાના ચાંદગઢ મુકામે 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં શાળાના બાળકોએ વિશ્વ એક કુટુંબ, ધરતી આપણી માતા, ગ્લોબલ વોર્મિંગની માનવીય જીવન પર નકારાત્મક અસરો વિષયક જાગૃત્તિ માટે 'વસુધૈવ કુટુંબકમ'નાટયકૃત્તિ રજૂ કરી હતી. 'મેરી કહાની, મેરી ઝુબાની' અંતર્ગત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, પ્રધાનમંત્રી ઉજજવલા યોજનાનાં લાભાર્થીઓએ પોતાના પ્રતિભાવો વ્યક્ત કર્યા હતા. લાભાર્થીઓએ કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓનો લાભ પ્રાપ્ત થવા બદલ સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયાએ, રૂા.૧૫ લાખના ખર્ચે તૈયાર થયેલ ચાંદગઢ ગ્રામ પંચાયતના અદ્યતન સુવિધાસભર નવા ભવનનું લોકાર્પણ કર્યુ હતુ. 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' કાર્યક્રમમાં કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓના લાભાર્થીઓને લાભનું વિતરણ કરવામાં આવ્યું હતુ. ઉલ્લેખનીય છે કે, આ યાત્રાના માધ્યમથી કેન્દ્ર સરકારની વિવિધ સહાયકારી યોજનાઓના લાભ છેવાડાના ગરીબ, વંચિત લાભાર્થીઓ સુધી પહોંચી રહ્યા છે. 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' કાર્યક્રમમાં વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયાએ જણાવ્યુ કે, કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓએ દેશમાં વસતાં ગરીબ અને વંચિતોના જીવનમાં હકારાત્મક પરિવર્તન લાવવામાં મદદ કરી છે. તેમણે ઉમેર્યુ કે, નલ સૌ જલ યોજના થકી પીવાના શુદ્ધ પાણી ઘર ઘર સુધી પહોંચ્યા છે ઉપરાંત પ્રધાનમંત્રી આવાસ યોજના અન્વયે ગરીબ અને વંચિત તથા ઘરવિહોણા લોકોના ઘરના ઘરનું સપનું સાકાર થયું છે. ચાંદગઢ મુકામે આયોજિત 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' કાર્યક્રમમાં અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, તાલુકા પંચાયત પ્રમુખ કાનપરિયા, જિલ્લા અને તાલુકા પંચાયતના સદસ્યઓ, ચાંદગઢ ગ્રામ પંચાયત સરપંચ, અમરેલી તાલુકા મામલતદાર નિમાવત, તાલુકા વિકાસ અધિકારી પંડયા, તલાટી મંત્રી આરતીબા ગોહિલ સહિત બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### વાહનવ્યવહાર મંત્રીને પત્ર પાઠવવામાં આવ્યો

## દામનગર શહેરમાં સીટી બસ સેવા શરૂ કરવા પાલિકા પ્રમુખની માંગ

### ૨૩ હજારની જનસંખ્યાની સુવિધા વધશે


દામનગર, તા. ૪

દામનગર શહેરના પ્રથમ નાગરિક–નગરપાલિકાના પ્રમુખ ગોબરભાઈ નારોલાએ શહેરની જનતાના પ્રશ્નો અને અણ ઉકેલ સમસ્યાઓના નિરાકરણ માટે ઝડપી પ્રયત્નો કર્યા છે. શહેરને સ્વસ્છ અને સુઘડ રાખવા માટે તેઓ પોતે, સફાઈ કામદારો સાથે રહીને સફાઈ માટે પૂરતી કાળજી રાખી રહ્યા છે.



ગોબરભાઈ અગાઉ પણ પ્રમુખ તરીકે સેવા આપી ચૂકયા છે, તે અનુભવ અને સરકારના નિયમોને આધીન રહીને શહેરના અલગ – અલગ વિસ્તારોમાં પ્રાથમિક જરૂરિયાતના કામોનો ઉકેલ લાવવામાં સફળ થઈ રહ્યા છે. દામનગર શહેરની અંદાજીત ત્રેવીસ હજારની વસ્તી માટે અને ૧૨ સ્કવેર કિલોમીટરમાં ફેલાયેલા વિસ્તારમાં રેલવે સ્ટેશન, બસ સ્ટેશન, શ્રી કુંભનાથ મહાદેવ મંદિર, સરકારી દવાખાનું (સી.એચ.સી.), ચાર હાઈસ્કુલ, પ્રાથમિક શાળાઓ અને આજુબાજુના ૧૮ થી ૨૨ જેટલા ગામોના લોકો ખરીદી (હટાણું) માટે દામનગરમાં આવતા હોય છે. જાહેર સ્થળો, દેવ સ્થાનો, શૈક્ષણિક સંસ્થાઓ, સરકારી કચેરીઓ, માર્કેટિંગ યાર્ડ,પાણી પુરવઠા વિભાગના સંપ અને ખોડીયાર નગર, સીતારામ નગર, મફત પ્લોટ (ઠાસા રોડ) સહિતની વસાહતોના નાગરિકો (સિનિયર સિટીઝન, વૃદ્ધો, દિવ્યાંગો અને અશકત લોકો) માટે,શહેરના વિવિધ–વિવિધ વિસ્તારોમાં સલામત રીતે જવા– આવવા માટે સીટી સર્કલ બસ ફાળવવા વાહન વ્યવહાર મંત્રી, નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, લાઠીના ધારાસભ્ય જનકભાઈ તળાવિયા અને સૌરાષ્ટ્ર પેસેન્જર એસોસિએશનના સેક્રેટરી નિતીનભાઈ વોરાને પત્ર પાઠવી રજુઆત કરી છે.

## અમરેલી વોર્ડ નંબર ૭ તથા ૯ માં આર.સી.સી. રોડ બનતા લતાવાસીઓમાં ખુશીની હેલી




અમરેલી, તા.૪

અમરેલી નગર પાલિકાનાં હાર્દસમાં વિસ્તાર (હરીલાલપા વોર્ડ) મીરસાહેબની ગલીની યાતનાનો અંત, છેલ્લા ૫૦ વર્ષથી અહી સી.સી.રોડનું કામ થયેલ નહી. એમાં પણ છેલ્લે ભુગર્ભ ગટરને કારણે રાસ્તો સાવ બિસ્માર બની ગયેલ ચાલવા લાયક પણ રહયો ન હતો. અનેક રજુઆતો ધારાસભ્ય અને છેવટે મુખ્યમંત્રી સુધી કરેલ પરંતુ વિરોધ પક્ષનાં નેતા (કોગ્રેસ) સમીરભાઈ કુરેશીએ ભારે જહેમત ઉઠાવીને સી.સી.રોડનું કામ રાત દિવસ સાથે રહીને કરાવેલ હતો. બાવચંદભાઈ વડેરા અને વીસામણ બાપુવાળાનાં સમયમાં ૫૦ વર્ષ પહેલા માણેકપરામાં બનેલ તેના કરતા પણ સુંદર રોડ બનાવી આપેલ છે. આ તકે સમીરભાઈ કુરેશી તથા સામાજીક આગેવાન બોબીભાઈ રઈશનો લતા વાસીઓ તેમનાં પ્રત્યે આભારની લાગણી અભિવ્યકત કરે છે. આ તકે પ્રેસ મીડીયાએ અમારી લાગણીને વાચા આપી તે બદલ તેમનો અને ઈલેકટ્રોનીક મીડીયાનો આભાર

## અમરેલી ખાતે નરેન્દ્ર મોદી વિચાર મંચ આઈ.ટી. સેલ દ્વારા સ્નેહમિલન, શપથ વિધિ, નવી નિમણુંક કાર્યક્રમ યોજાયો

અમરેલી, તા.૪

અમરેલી ખાતે નરેન્દ્ર મોદી વિચાર મંચ આઈ.ટી.સેલનો સ્નેહ મીલન, શપથ તથા અમરેલી જિલ્લા, તાલુકા, શહેરની નવી નિમણુંકનો કાર્યક્રમ સર્કિટ હાઉસ ખાતે હિતેશગીરી ગૌસ્વામી નરેન્દ્ર મોદી વિચાર મંચ આઈ.ટી.સેલનાં પ્રદેશ પ્રમુખની સૂચના મુજબ રાખવામાં આવેલ હતો. જેમાં નરેન્દ્ર મોદી વિચાર મંચ મુખ્ય શાખાના પ્રદેશ મંત્રી મનિષભાઈ સિધ્ધપુરા, મુખ્ય શાખાનાં જિલ્લા અધ્યક્ષ જયદિપભાઈ નાકરાણી, યુવા શાખાનાં જિલ્લા અધ્યક્ષ દિનેશભાઈ કનાડીયા તેમજ નરેન્દ્ર મોદી આઈ.ટી.સેલનાં પ્રદેશ સદસ્ય રાજદિપભાઈ ધાધલ, આઈ.ટી. સેલનાં જિલ્લા અધ્યક્ષ વિપુલભાઈ દવે, શહેર અધ્યક્ષ ગૌરવભાઈ મહેતા ઉપસ્થિત રહેલ હતા. જેમાં નરેન્દ્ર મોદી વિચાર મંચ આઈ.ટી.સેલની કામગીરી વિશે જાણકારી આપવામાં આવી હતી.



આ તકે નવી નિમણુંકો કરવામાં આવેલ જેમાં નરેન્દ્ર મોદી વિચાર મંચ આઈ.ટી.સેલ અમરેલી જિલ્લાનાં ઉપાધ્યક્ષ તરીકે અજયભાઈ કાલેણા, મંત્રી તરીકે આનંદ મહેતા, કારોબારી સભ્ય તરીકે ચિરાગભાઈ સાદરાણીની જિલ્લાની ટીમમાં નિમણુંક કરવામાં આવેલ.નરેન્દ્ર મોદી વિચાર મંચ આઈ.ટી.સેલ રાજુલા તાલુકા અધ્યક્ષ તરીકે ભાર્ગવભાઈ વ્યાસ અને મહામંત્રી તરીકે હિરેનભાઈ હિરાની નિમણુંક થયેલ છે.

નરેન્દ્ર મોદી વિચાર મંચ આઈ.ટી. સેલ કુકાવાવ તાલુકાનાં અધ્યક્ષ તરીકે યોગેશભાઈ દવે, મહામંત્રી તરીકે કમલેશભાઈ (બાવભાઈ) ભુટાકની નિમણુંક થયેલ છે.

નરેન્દ્ર મોદી વિચાર મંચ આઈ.ટી. સેલ દામનગર શહેર અધ્યક્ષ તરીકે ઈદ્રવદન શુકલ, મહામંત્રી તરીકે દિલીપપરિ ગૌસ્વામીની નિમણુંક થયેલ છે. નરેન્દ્ર મોદી વિચાર મંચ આઈ.ટી.સેલ અમરેલી શહેરનાં ઉપાધ્યક્ષ તરીકે પ્રિતેષભાઈ માનસેતા, મહામંત્રી તરીકે જયભાઈ દવે, સંગઠન મંત્રી તરીકે અમનભાઈ રાઠોડ, મીડીયા કન્વિનર કૌશલ ત્રિવેદી, કોષાધ્યક્ષ તરીકે ક્રિસભાઈ ખણેસાની નવી નિમણુંક કરવામાં આવી છે. આ તકે અમરેલીનાં ધારાસભ્ય તથા ગુજરાત વિધાન સભાનાં ઉપદંડક કૌશિકભાઈ વેકરીયા, સારહી યુથ કલબનાં પ્રમુખ મુકેશભાઈ સંઘાણી, ગુજરાત પ્રદેશ યુવા ભાજપનાં ઉપાધ્યક્ષ મનિષભાઈ સંઘાણી, અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ રાજેશભાઈ કાબરીયા, અમરેલી શહેર ભાજપ પ્રમુખ ભાવેશભાઈ સોઢા, મંત્રી રાજેશભાઈ માંગરોળીયા, અમરેલી શહેર યુવા ભાજપ પ્રમુખ અર્જુન દવે, નગર શિક્ષણ સમિતિનાં ચેરમેન તુષારભાઈ જોષી, પુર્વ કારોબારી ચેરમેન સુરેશભાઈ શેખવા, નગરસેવક બ્રિજેશભાઈ કુરૂંદલે, નગરપાલિકા રોષની શાખાના ચેરમેન ચિરાગભાઈ ત્રિવેદી, નગરપાલિકા દંડક દિલાભાઈ વાળા, નગરસેકવ ચિરાગભાઈ ચાવડા, જિલ્લા બક્ષીપંચ મોરચાનાં પ્રમુખ રાજુભાઈ ભૂતૈયા, નગરસેવકનાં પ્રતિનિધિ પી.આર. બારૈયા તરફથી કાર્યક્રમને શુભેચ્છા પાઠવવામાં આવેલ હતી. જયારે નગરસેવક નિલેષભાઈ ધાધલ, નગરસેવકનાં પ્રતિનિધિ દિગંતભાઈ ભટ્ટ ઉપસ્થિત રહયા હતા. તેમ અખબારી યાદીનાં અંતમાં વિપુલ દવેએ જણાવેલ છે.

### મહુવા અભ્યાસ અર્થે જતાં

## રાજુલાનાં વિદ્યાર્થીઓને એસ.ટી. બસને લઈને પરેશાની થતાં રવુભાઈ ખુમાણ મદદે આવ્યા

### ડેપો મેનેજર અને ધારાસભ્યને રજૂઆત કરી



રાજુલા, તા. ૪

રાજુલા એસ.ટી. બસ સ્ટેશન ખાતે છેલ્લા થોડા સમયથી રાજુલા થી મહુવા કોલેજ કરતા વિદ્યાર્થીઓને મહુવા બગસરા રૂટની બસ બંધ થઈ ગયેલ હતી, જેના અનુસંધાને વિદ્યાર્થીઓ દ્વારા રાજુલા ભાજપ આગેવાન રવુભાઈ ખુમાણને રજૂઆત કરતા રવુભાઈ દ્વારા રૂબરૂ સ્ટેશનની મુલાકાત લઈ ડેટા મેનેજર સહિત ધારાસભ્ય હીરાભાઈ સાથે ટેલીફોનીક ચર્ચા કરી આગામી સમયમા વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલી દૂર થશે તે સંદર્ભમાં ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરી.


**સાવરકુંડલા ખેડૂત ઉત્પાદક અને રૂપાંતર સહકારી મંડળી લી.**

માર્કેટયાર્ડ કોમ્પ્લેક્ષ, મહુવા રોડ, રેલ્વે ફાટક પાસે, મુ. સાવરકુંડલા, જિ. અમરેલી – ૩૬૪૫૧૫

- સાવરકુંડલા ખેડૂત ઉત્પાદક અને રૂપાંતર સહકારી મંડળી લી. મુ.સાવરકુંડલા, જિ.અમરેલી.(ગુજરાત)ને સી.ઈ.ઓ./મેનેજર (૧પોસ્ટ) અને એકાઉન્ટન્ટ (૧ પોસ્ટ)ની જગ્યાઓ માટે તાત્કાલીક જરૂરીયાત છે.
- સી.ઈ.ઓ./મેનેજરની પોસ્ટ માટે : ૧૦+૨, ગ્રેજયુએટ/ડીપ્લોમા એગ્રીકલ્ચર, એગ્રીકલ્ચર માર્કેટીંગ, એગ્રી બિઝનેસ મેનેજમેન્ટ બી.બી.એ. સમકક્ષ
- એકાઉન્ટન્ટની પોસ્ટ માટે : ૧૦+૨ તથા કોમર્સ ગ્રેજયુએટ
- પૂર્ણ સમય કામ કરવાનું રહેશે.
- અનુભવી ઉમેદવારોને પ્રથમ પ્રાધાન્ય આપવામાં આવશે.
- ઈચ્છુક ઉમેદવારોએ આ જાહેરાત પ્રસિધ્ધ થયાના ૭ દિવસની અંદર નીચે આપેલ ઈ–મેઈલ આઈ.ડી. પર તેમનો સંપૂર્ણ બાયોડેટા મોકલવાનો રહેશે.

iffdcamreli@gmail.com
Contact Information : 77270 07666 / 94272 72402


## બગસરા ખાતે તાલુકા/શહેર ભાજપની કારોબારી બેઠક યોજાઈ

બગસરા, તા.૪

બગસરા ખાતે શહેર અને તાલુકા ભાજપની કારોબારી બેઠક યોજાઈ હતી. જેમાં ''અમર ડેરી''નાં ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, અમરેલી જિલ્લા ભાજપ મહામંત્રી મેહુલભાઈ ધોરાજીયા, જિલ્લા મંત્રી મનોજભાઈ મહિડા અમરેલી જિલ્લા મહિલા પ્રમુખ રંજનબેન ગોહિલ તેમજ બગસરા તાલુકા પ્રભારી નરેન્દ્રભાઈ પરવાડિયા તેમજ બગસરા શહેર પ્રભારી રેખાબેન માવદીયા તેમજ સહકારી આગેવાન રશ્મિનભાઈ ડોડીયા તેમજ બગસરા શહેર ભાજપ પ્રમુખ ધીરૂભાઈ કોટડીયા તેમજ બગસરા તાલુકા




તસ્વીર : સમીર વિરાણી–બગસરા

ભાજપ પ્રમુખ પ્રદીપભાઈ ભાખર તેમજ બગસરા નગરપાલિકા પ્રમુખ પ્રતિનિધિ એ.વી.રીબડીયા તેમજ બગસરા તાલુકા મહામંત્રી, પ્રકાશભાઈ પરમાર તેમજ બગસરા શહેર મહામંત્રી અશોકભાઈ પંડીયા, તેમજ અમરેલી જિલ્લા પંચાયત સદ્દસ્ય પ્રતિનિધિ ધીરૂભાઈ માયાણી તેમજ બગસરા તાલુકા પંચાયત ઉપપ્રમુખ હસમુખભાઈ બાબરીયા તેમજ બગસરા શહેર અને તાલુકા ભાજપના તમામ હોદેદારો તેમજ તમામ મોરચાના પ્રમુખઓ તેમજ મહામંત્રીઓ તેમજ બગસરા નગર પાલિકા તમામ સદ્દસ્યઓ તેમજ બગસરા તાલુકા પંચાયત તમામ સદ્સ્યઓ કારોબારી મિટિંગમા ઉપસ્થિત રહિયા હતા.

# સા.કુંડલા : સદ્દભાવના ગ્રૃપ દ્વારા ઉષામૈયાના જન્મદિન નિમિત્તે રકતદાન કેમ્પ સાથે અક્ષત કળશનું પૂજન કરવામાં આવ્યું



**– અહેવાલ : પ્રતાપ ખુમાણ દ્વારા**
**– ફોટો કેવલ વેલાની**

સાવરકુંડલા લોહાણા મહાજન વાડી ખાતે સદ્ભાવના ગૃપ દ્વારા આયોજીત અમરેલી રેડક્રોસ સોસાયટી તથા વેદ વોલન્ટરી બ્લડ બેન્કના સહયોગથી પ.પૂજય ઉષામૈયા શિવ દરબાર આશ્રમ (કાનાતળાવ) ના ૮૬ માં પાવન જન્મદિન નિમિત્તે તા. ૩/૧/૨૪ ને બુધવારનાં રોજ મહારકતદાન કેમ્પ રાખવામાં આવેલ, સાથોસાથ આ રકતદાન કેમ્પમાં અયોધ્યા રામમંદિરથી આવેલ પુજીત અક્ષત કળશનું પૂજન રાખવામાં આવ્યું હતું, આ રકતદાન કેમ્પમાં ૨૦૯ બોટલ રકત એકત્રિત થયું હતું. હાલ આ સંસ્થા દ્વારા ૧૦૩ મો રકતદાન કેમ્પ યોજાયો હતો. આમ પણ અમરેલીમાં રકતની ખાસી જરૂરિયાત હોવાથી આ કેમ્પ જરૂરિયાતમંદ લોકો માટે જીવનદાયીની પણ બની રહે એવી અભ્યર્થના સાથે સંસ્થાને ૨૦૦ બોટલથી વધુ રકતનો લક્ષ્યાંક હાંસલ કરવા માટે બહોળા પ્રમાણમાં લોકો રકતદાન કરે એવી સદ્ભાવના ગૃપ દ્વારા લોકોને નમ્ર વિનંતી કરવામાં આવી હતી, અને જેમાં સાવરકુંડલાના રકતદાતાઓ એ ૨૦૯ બોટલ રકત આપ્યું હતું, આમ તો રકતદાન એ જ સૌથી શ્રેષ્ઠ દાન છે રકતદાન કરવાથી જરૂરિયાતમંદ લોકોને સમયસર રકત મળવાથી ઘણી વખત માણસની અમૂલ્ય જિંદગી બચી જતી હોય છે. આમ પરોક્ષ રીતે આ રકતદાન એક જીવનદાતા તરીકે પણ ગણી શકાય ખરું. આ રકતદાનના આયોજનમાં રૂદ્ર હાર્દિકભાઈ મશરૂ (હ.વિરાટભાઈ) તથા સુરેશભાઈ અશોકભાઈ નારોલા (વિજયાનગર વાળા ) તરફથી એક – એક આકર્ષક સરપ્રાઈઝ ગિફ્ટ દરેક રકતદાતાઓને આપવામાં આવી હતી, આ ઉપરાંત સદ્ભાવના ગૃપ તરફથી પણ ગિફ્ટ આપવામાં આવી હતી. આમ રકતદાન કેમ્પમાં ભાગ લેનાર તમામ રકતદાતાઓને આ શુભપ્રસંગે ત્રણ ભેટ આપવામાં આવી હતી. આ રકતદાન કેમ્પમાં બહેનો માટે અલગ વ્યવસ્થા પણ કરવામાં આવી હતી અને બહેનોએ પણ બહોળી સંખ્યામાં રકતદાન કર્યુ હતુ. આ અવસરને સફળ અને ભવ્ય બનાવવા માટે પૂજય મુકતાનંદ બાપુ (ચાપરડા વાળા) તથા કબીર ટેકરીનાં મહંત નારાયણદાસ સાહેબ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# સાવરકુંડલામાં પ.પૂ.શ્રી નારાયણદાસ સાહેબનાં જન્મદિનની ઉજવણી તથા લેખક સુધીર મહેતાનાં પુસ્તક ખોરડુનો વિમોચન કાર્યક્રમ થયો



સાવરકુંડલામાં આવેલ પ્રસિધ્ધ કબીર ટેકરી આશ્રમમાં બે કાર્યક્રમો તા.૧/૧/૨૦૨૪ નુતન વર્ષે ઉજવાયા હતા. કબીર ટેકરીમાં કબીર આશ્રમમાં સદગુરૂ કબીર સેવા ટ્રષ્ટ કબીર ટેકરી સાવરકુંડલાનાં મહંત પરમ પુજય નારાયણદાસ સાહેબનો ૪૪ મો જન્મ દિવસ એન સાવરકુંડલાનાં સુપ્રસિધ્ધ લેખક સુધીરભાઈ મહેતાનાં વાર્તા સંગ્રહ 'ખોરડુ' (પ્રકાશક–ગુર્જર પ્રકાશન અમદાવાદ) નો વિમોચન કાર્યક્રમ તથા સાહિત્ય સર્જકોનું સન્માન થયું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન દરમિયાન અમરેલી ગદ્ય સાહિત્ય સર્જક પરિવારનાં નામાંકિત હસ્તીઓની ઉપસ્થિતિમાં ।આ પ્રસંગે પ્રથમ બેઠકમાં સાહિત્યકારોનું સન્માન કબીર ટેકરીનાં મહંત પ.પૂ.નારાયણદાસ સાહેબના હસ્તે તથા કબિર સાહેબ વિશે વકતવ્યો અપાયા હતા. સાહિત્યકારો જેમ કે રવજીભાઈ કાચા, ઉદયભાઈ દેસાઈ, મંગળુભાઈ ખુમાણ, રમેશભાઈ રાવળ , નિધિબેન મહેતા, ડો.ગીતાબેન ગીડા, (નિવૃત નિયામક આકાશવાણી રાજકોટ) નાનાલાલભાઈ ત્રિવેદી, ડો.કાલિન્દીબેન પરીખ, વાસુદેવભાઈ સોઢા, મનીષભાઈ વિંઝુડા, પત્રકાર બીપીનભાઈ પાંધી (પાંધી સર) કાજલબેન પાનસુરીયા, ગોરધનભાઈ ભેસાણિયા, પરેશભાઈ મહેતા, ફિરોજભાઈ આસનાણી, સંગીતાબેન મહાવીરસિંહ ગોહિલ સહિત અનેક સર્જકોનું સન્માન તથા વકતવ્ય અપાયા હતા. બપોરની બેઠકમાં સાંસ્કૃતિક કાર્યક્રમ અધ્યાપન મંદિર સાવરકુંડલાની બહેનો, વી.ડી.ઘેલાણી મહિલા કોલેજ સાવરકુંડલાનાં બહેનો, એસ.વી.દોશી ગર્લ્સ હાઈસ્કુલ સાવરકુંડલાના બહેનો તથા રૂપાયતન સંસ્થા અમરેલીની બહેનો દ્વારા સુંદર વિવિધ કાર્યક્રમો રજુ થયો હતો. ગદ્ય સાહિત્ય સેતુ દ્વારા નાટક 'મોવાળો' સાસુવહુ' છોકરા રમાડવા સહેલા નથી. કલાકાર વાસુદેવભાઈ સોઢા, સુધીર મહેતા, ઉમેશભાઈ ચાવડા નિધિબેન મહેતા, ચેતનાબેન બાજક, કાજલબેન પાનસુરિયા તથા સંગીતાબેન દ્વારા રજુ થયા હતા. તેમજ મહાવીરસિંહ ગોહિલ (બાલાનન્દી બાપુ, ભાવનગર) એ સૌને નાચ–ગાનથી તરબોળ કર્યા હતા. પુસ્તક : 'ખોરડું, લેખક : સુધીરભાઈ મહેતાની કલમે લખાયેલ તેનું વિમોચન મહંત નારાયણદાસ સાહેબનાં કર કમળ ે થયું. પુસ્તક લેખક પરિચય શ્રી ગોરધનભાઈ ભેસાણીયા અને વાસુદેવભાઈ સોઢાએ આપ્યો. પ.પૂ. નારાયણદાસ સાહેબનું સન્માન અને ૪૪ માં જન્મ દિવસની ઉજવણી ૪૪ દિપ રિમોટ દ્વારા ફરતી દીપમાળા પ્રગટ કરીને અને બોલતા શિલ્ડ અર્પણ કરીને કરવામાં આવ્યું આનું નિર્માણ યશ ત્રિવેદીએ, (મોટા ચારોડિયા) દ્વારા કરાયું તથા નારાયણદાસ સાહેબનું જાહેર સન્માન વિવિધ મહાનુભાવો સંતઓ, લેખકો દ્વારા કર્યુ હતું. આ ઉપરાંત સમારોહમાં પ્રેરક ઉપાસ્થીતી પ.પૂ. ઘનશ્યામબાપુ, કરસનદાસબાપુ સહિત સાધુ સંતોની નિસ્ત્રાંમાં મુખે આશિરવચન અપાયા હતા. સમગ્ર કાર્યક્રમનું લાઈવ પ્રસારણ યુ ટયુબ દ્વારા થયું હતું. કબીરસાહેબનાં જીવન કવન અને પ્રેરક ઉપદેસ સંદર્ભે અલગ અલગ વકતાઓએ વકતવ્ય આપ્યા હતા. ઉદઘોષણા ઉદયભાઈ દેસાઈ એ કરી હતી. મંડપમાં શ્રોતાગણ, મહેમાનો, ભાઈ–બહેનોની વિશાળ હાજરી રહી હતી. આશ્રમના સેવક ગણે પોતાની અવિરત સેવા આપી હતી. બપોરે અને સાંજે મહા પ્રસાદનું આયોજન તથા કબીર આશ્રમનાં મહંત નારાયણદાસ સાહેબનાં હસ્તે સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનાર તમામ બહેનોને પ્રમાણ પત્ર સન્માન તથા ઈનામો અર્પણ કરવામાં આવ્યા હતા. આભાર વિધિ સાથે સમગ્ર આખા દિવસનો કાર્યક્રમ યાદગાર અને મંગળ થયો હતો.

પાના ૧ ઉપરનું ચાલું

## રાજસ્થાનમાં ૪૫૦માં અને ગુજરાતમાં

આવેદનપત્રમાં જણાવેલ છે કે, ગુજરાત સરકાર મહિલાઓની સુરક્ષા માટે લાખ રૂપિયા જાહેરાતો પાછળ ખર્ચી રહી છે તે માત્ર દેખાડવામાં આવી રહ્યું છે. ત્યારે તાજેતરમાં આણંદ ભાજપ કિસાન મોરચાના કારોબારી કાર્યકર ધ્વારા એક સગીરાને ધાક–ધમકી આપીને દુષ્કર્મ કરેલ છે. આ કહેવાતા નેતા ખંડણી અને સટ્ટોડીયાનું કામ કરતા હતા અને પોતાની પાર્ટીના નેતા હોવાના નાતે આવું દુષ્કર્મ આચરેલ છે. ત્યારે આ સંવેદનશીલ અને મહિલાઓની રખેવાળી કરતી સરકાર ધ્વારા આ ગુન્હો કરનાર સામે કડકથી કડક કાર્યવાહી કરવામાં આવે અને સરકાર ધ્વારા તટસ્થ તપાસ કરાવીને નોંધાપત્ર કાર્યવાહી કરવામાં આવે.

વધુમાં જણાવેલ છે કે, ગુજરાત રાજયમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર છેલ્લા ૩૦ વર્ષથી ચાલી રહી છે. ત્યારે ગુજરાતની મહિલાઓને ઉજજવલાના નામે ગેસ કનેકશન આપીને હાલ તેમના ગેસ સીલીન્ડર ગુજરાતમાં ૯૫૦થી આપવામાં આવે છે. ગુજરાતની મહિલાઓ અને આમ જનતા તરફથી ખોબલેને ખોબલે મત આપીને છેલ્લા ૩૦ વર્ષથી સરકાર આવી રહી છે. હાલ રાજસ્થાનમાં ભાજપ શાષિત સરકાર આવતાની સાથે મહિલાઓને રૂપિયા ૪૫૦માં ગેસ સીલીન્ડર આપવાની જાહેરાત કરી આપવામાં આવેલ છે તો ગુજરાતની સાથે ઓરમાયું વર્તન કરી ગુજરાતની મહિલાઓનું અપમાન કરવામાં આવી રહ્યું છે. ગુજરાતને ૪૫૦માં ગેસ સીલીન્ડર કયારે આપવામાં આવશે તેવો પ્રશ્ન રજૂ થયો છે.

વધુમાં જણાવેલ છે કે, અમરેલી–સાવરકુંડલાનાં ઓળિયા ગામેથી નીકળતા રોડ માટે વર્ષો પહેલા ખેડૂતોની જમીનોને સંપાદન કરીને આ રોડ મંજૂર કરવામાં આવેલ હતો. તેમાં ખેડૂતોની મોટાભાગે જમીનો સંપાદન થયેલી હતી અને તેમાં ખેડૂતો પણ સહમત હતા. પરંતુ ભાજપ શાષિત મોટા નેતા ધ્વારા અમુક મળતીયાઓને સાથે રાખીને ખેડૂતોની જમીનની મોટી રકમમાં ભાગ પડાવાના ઈરાદે ભારત સરકાર આજ અમરેલી–સાવરકુંડલાના ઓળિયા ગામે રોડને એલાઈમેન્ટ ચેન્જીંગના નામે મહુવા–જેતપુર રોડ બનાવવા માટેનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં અમરેલી જિલ્લાના ૧૭ ગામો અને શહેરી વિસ્તારના બે સર્વે નંબરોનો સમાવેશ કરવામાં આવેલ છે. જેના કારણે ખેડૂતોની જમીનો નષ્ટ અને એક જ જમીનનાં ત્રણથી ચાર ટુકડાઓ પડી રહ્યા છે અને ખેડૂતોને પાયમાલ કરવાનું અને નેતાની તિજોરી ભરવાનું કાવતરૂ કરવામાં આવી રહ્યું છે. ત્યારે આ એલાઈમેન્ટ ચેન્જીંગ મુજબનો રોડ બંધ રાખીને અગાઉ મંજૂર થયેલ રોડ મુજબ કામગીરી કરવામાં આવે જેથી ખેડૂતોની જમીન નષ્ટ થતી બચી શકે અને ખેતી કરી શકે આ ખેડૂતોના પ્રશ્ને નવા એલાઈમેન્ટ ચેન્જીંગ રદ કરવામાં આવે.

વધુમાં જણાવેલ છે કે, ગુજરાત સરકાર ખેડૂતોને લોભામણી જાહેરાતો આપીને ભોળવી રહી છે. વર્ષો પહેલા તાર ફેન્સીંગ માટે વન વિભાગમાં ઓફલાઈનથી ખેડૂતોને તાર ફેન્સીંગની અરજી કરવાની જોગવાઈ હતી અને તેમાં ખેડૂતોના જૂથ મુજબ આ તાર ફેન્સીંગની સહાય આપવામાં આવતી હતી. જેમાં નાના ખેડૂત હોય અને તેઓની આજુબાજુ અન્ય ખેડૂતો ના હોય જેથી આવા ખેડૂતો આ યોજનાથી વંચિત રહી જતા હતા. ત્યારબાદ સરકાર ધ્વારા ખેતીવાડી વિભાગમાં આ યોજના આવરીને ઓનલાઈન આઈ ખેડૂત પર અરજી કરવામાં આવે છે પરંતુ સરકાર ધ્વારા મર્યાદિત લક્ષ્યાંક આપી અને માત્ર બે કલાકની સમય મર્યાદામાં ઓનલાઈન અરજી કરવાની માત્ર એક બે દિવસ પહેલા જાહેરાત કરવામાં આવે છે જેના કારણે ખેડૂતો જયારે ઓનલાઈન અરજી કરવા જતાં લક્ષ્યાંક પૂર્ણ થઈ ગયો તેવી ઓનલાઈન સ્ક્રીન પર બતાવવામાં આવે છે. જેના કારણે ખેડૂતો આ યોજનાનો લાભ મેળવી શકતા નથી. જેથી સરકાર ધ્વારા અગાઉથી આયોજનબંધ દરેક તાલુકા દીઠ લક્ષ્યાંકમાં વધારો કરી અને સમય મર્યાદામાં વધારો કરવો જરૂરી છે. તેમ અંતમાં જણાવેલ છે.

**CHANGE OF NAME**

I hereby declare
**Kaminiben (Kaminiben) Maheshbhai Jivani**
My old name has been changed from
**Kamini Sureshbhai Raja** to
**Kaminiben (Kaminiben) Maheshbhai Jivani**
after marries so from now i will be known by this name.
Address : Chital road, Amreli - 365601

## નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયાનાં અધ્યક્ષસ્થાને

# અમરેલીનાં ખડ ખંભાળિયા અને શંભુપુરા મુકામે 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' કાર્યક્રમ યોજાયો

### કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓનો લાભ જન–જન સુધી પહોંચ્યો

અમરેલી, તા. ૪

વર્ષ–૨૦૪૭ સુધીમાં આઝાદીના સતાપ્દી પર્વે વિકસિત ભારત બનાવવાના સંકલ્પને ચરિતાર્થ કરવાના હેતુથી સમગ્ર દેશ સહિત રાજયમાં યોજાઈ રહેલી 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'ને બહોળો પ્રતિસાદ મળી રહ્યો છે. આ 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' અન્વયે અમરેલીના ખડ ખંભાળિયા અને શંભુપુરા મુકામે વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયાના અધ્યક્ષસ્થાને 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં 'મેરી કહાની, મેરી ઝુબાની' અંતર્ગત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના સહિતનાં લાભાર્થીઓએ પોતાના પ્રતિભાવો વ્યકત કર્યા હતા. લાભાર્થીઓએ કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓનો લાભ પ્રાપ્ત થવા બદલ સરકારનો આભાર વ્યકત કર્યો હતો.

'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' કાર્યક્રમમાં કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓના લાભાર્થીઓને લાભનું વિતરણ કરવામાં આવ્યું હતુ. ઉલ્લેખનીય છે કે, આ યાત્રાના માધ્યમથી કેન્દ્ર સરકારની વિવિધ સહાયકારી યોજનાઓના લાભ છેવાડાના ગરીબ, વંચિત લાભાર્થીઓ સુધી પહોંચી રહ્યા છે. ખડ ખંભાળિયા અને શંભુપુરા મુકામે આયોજિત ' વિકસિત ભારત સંકલ્પ યાત્રા' કાર્યક્રમમાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતનાં સદસ્યો, વિવિધ વિભાગના અધિકારી–કર્મચારી સહિત બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

પાના ૮ ઉપરનું ચાલું

## ચમારડીથી ૭૦ પ્રતિમાઓનું

આ તકે બગસરા માર્કેટયાર્ડનાં પૂર્વ ચેરમેન કાંતિભાઈ સતાસીયાએ પણ ગોપાલભાઈ વસ્તરપરાની સેવાની સુવાસ સમગ્ર રાજયમાં ફેલાઈ ચુકી હોવાનું જણાવીને આવી સેવાકીય પ્રવૃત્તિ કરનારને રાજકીય પક્ષે મહત્વ આપીને તેમનું સમર્થન કરવું જોઈએ તેવી માર્મિક ટકોર કરી હતી.

તદુઉપરાંત લેઉવા પટેલ સમાજનાં અગ્રણી અને શિક્ષણવિદ હસમુખ પટેલે પણ ગોપાલભાઈ વસ્તરપરાની પ્રશંસા કરીને જે ગામોમાં સરદાર પટેલની પ્રતિમા લાગી રહી છે તે ગામજનોએ સરદાર પટેલમાંથી પ્રેરણા લેવા અને પ્રતિમાની સ્વચ્છતા જાળવવા અનુરોધ કર્યો હતો. આ તકે લેઉવા પટેલ સમાજના આગેવાનો અને ગામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## જાહેરમાં માઈક ફેરવીને વેરો ભરવા તાકીદ કરી

# બાબરા : પાલિકાનાં શાસકોએ બાકી વેરા વસુલવા કડક કાર્યવાહીની તૈયારી શરૂ કરી

### પાણી વેરો નહી ભરે તો કનેકશન કાપી નખાશે

અમરેલી, તા. ૪

બાબરા પાલિકાનાં શાસકોએ શહેરનાં બાકી વેરા ધાકરો સામે કડક કાર્યવાહી કરવાનો પ્રારંભ કરેલ છે.

પાલિકાનાં શાસકોએ જાહેરમાં માઈક ફેરવીને બાકી વેરો ભરી જવા નહી તો પાણીનું કનેકશન કાપી નાખવા, બિન રહેણાંકી મકાન સીલ કરવા અને બાકીદારોનાં નામ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ કરવાની ચીમકી આપી છે.



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

## અમરેલીનાં રમેશ શિંગાળા લાલઘુમ

# એનસીપીનાં નેતાનાં વિવાદાસ્પદ નિવેદન સામે રોષનો માહોલ

### આગામી ચૂંટણીમાં એનસીપીનાં રામ રમી જશે

અમરેલી, તા. ૪

શિહોર ગામે રહેતા શૈલેષભાઈ કાળુભાઈ જોષીએ પોતાનું ખોટુ નામ ધારણ કરી દામનગર ગામે રહેતા રમેશભાઈ ઝવેરભાઈ નારોલા નામના વેપારી પાસેથી સરકારી કામ અર્થે સીમેન્ટ લઈ જવાની ખોટી વિગત જણાવી ફરીયાદને વિસમાં લઈ વેપારી પાસેથી ૨૪૦ થેલી સીમેન્ટ કિંમત રૂપિયા ૯૩,૬૦૦ ની લઈ જઈ બાના પેટે રોકડ રૂા. ૧૦,૦૦૦ આપી અને સીમેન્ટ ધ્રુફણીયા રોડે વાડીએ ડીલીવરી લઈ લીધા બાદ આરોપીએ આ સીમેન્ટ ત્યાંથી ભરી લઈ બારોબાર સગેવગે કરી વેપારીની સીમેન્ટની થેલી કિંમત રૂપિયા ૮૩,૬૦૦ ની ઠગાઈ તથા વિસઘાત કરી ગુન્હો કર્યાની ફરિયાદ નોંધાઈ છે.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૨૦ | ૧૪૨૪ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૯૪૦ | ૯૪૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૧૩ | ૧૨૯૫ |
| ૨ | શિંગ મોટી | ૮૦૦ | ૧૪૨૨ |
| ૩ | શિંગદાણા | ૧૪૩૫ | ૧૪૬૫ |
| ૪ | તલ સફેદ | ૧૮૮૦ | ૩૧૩૦ |
| ૫ | તલ કાળા | ૨૩૮૧ | ૩૨૭૯ |
| ૬ | તલ કાશ્મીરી | ૩૯૦૦ | ૪૦૯૯ |
| ૭ | બાજરો | ૪૧૧ | ૫૦૩ |
| ૮ | જુવાર | ૫૧૮ | ૧૧૭૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૮૬ | ૬૪૨ |
| ૧૦ | ઘઉં લોકવન | ૫૦૦ | ૬૧૬ |
| ૧૧ | મગ | ૧૫૫૦ | ૧૬૩૦ |
| ૧૨ | અડદ | ૧૬૫૦ | ૧૭૬૫ |
| ૧૩ | ચણા | ૮૦૦ | ૧૦૬૬ |
| ૧૪ | તુવેર | ૧૩૧૫ | ૨૦૦૧ |
| ૧૫ | કપાસ | ૯૯૦ | ૧૪૪૧ |
| ૧૬ | એરંડા | ૧૦૦૦ | ૧૧૦૮ |
| ૧૭ | રાયડો | ૯૧૨ | ૯૧૨ |
| ૧૮ | ધાણા | ૧૦૮૫ | ૧૪૧૨ |
| ૧૯ | અજમા | ૨૬૫૦ | ૨૬૫૦ |
| ૨૦ | સોયાબીન | ૮૧૫ | ૮૯૫ |
| ૨૧ | મરચા લાંબા | ૧૦૧૦ | ૩૭૧૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૫૧ | ૧૪૦૫ |
| ૨ | મગફળી | ૧૨૬૧ | ૧૩૪૧ |
| ૩ | જુવાર સફેદ | ૯૩૧ | ૯૫૦ |
| ૪ | તલ કાળા | ૨૫૦૦ | ૨૫૦૦ |
| ૫ | અડદ | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ૬ | તુવેર | ૧૪૦૦ | ૧૫૦૦ |
| ૭ | સોયાબીન | ૮૨૦ | ૮૨૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મઠડી | ૧૨૦૦ | ૧૩૨૧ |
| ૨ | શીંગ મોટી | ૧૨૦૦ | ૧૪૦૧ |
| ૩ | તલ સફેદ | ૨૫૦૦ | ૩૨૦૦ |
| ૪ | તલ કાળા | ૨૬૦૦ | ૩૩૦૦ |
| ૫ | કપાસ | ૧૨૦૦ | ૧૪૭૦ |
| ૬ | ઘઉં લોકવન | ૪૨૫ | ૬૦૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૬૧૦ |
| ૮ | બાજરો | ૪૨૧ | ૫૦૦ |
| ૯ | જુવાર | ૯૭૧ | – |
| ૧૦ | મકાઈ | ૫૦૦ | – |
| ૧૧ | અડદ | ૧૧૩૫ | – |
| ૧૨ | ચણા | ૮૫૦ | ૧૦૨૫ |
| ૧૩ | તુવેર | ૧૫૦૧ | ૧૮૬૭ |
| ૧૪ | એરંડી | ૧૦૬૧ | – |
| ૧૫ | મેથી | ૧૦૫૦ | – |
| ૧૬ | રાય | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૧૭ | સોયાબીન | ૮૧૦ | ૯૦૮ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૫ | ૧૪૪૪ |
| ૨ | મગફળી | ૯૩૦ | ૧૩૦૧ |
| ૩ | ચણા | ૯૪૦ | ૧૨૦૧ |
| ૪ | તુવેર | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ૫ | મેથી | ૧૧૫૦ | ૧૧૫૦ |
| ૬ | અડદ | ૧૭૦૦ | ૧૭૦૦ |
| ૭ | સોયાબીન | ૮૫૦ | ૮૭૦ |
| ૮ | વાલ | ૧૮૨૫ | ૧૮૨૫ |
| ૯ | તલ | ૨૫૫૦ | ૨૫૫૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૫૦ | ૧૪૬૯ |
| ૨ | ચણા | ૯૦૦ | ૧૦૯૦ |
| ૩ | બાજરો | ૩૨૫ | ૩૨૫ |
| ૪ | ધાણા | ૧૧૩૫ | ૧૨૪૫ |
| ૫ | તલ સફેદ | ૨૨૦૦ | ૨૬૮૦ |
| ૬ | ઘઉં લોકવન | ૪૬૫ | ૫૫૧ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૯૯ | ૫૭૧ |
| ૮ | સોયાબીન | ૭૮૫ | ૮૭૭ |
| ૯ | મગફળી | ૯૦૫ | ૧૨૮૦ |
| ૧૦ | શીંગદાણા | ૧૦૧૦ | ૧૦૧૦ |
| ૧૧ | અડદ | ૧૧૧૦ | ૧૫૮૦ |
| ૧૨ | જુવાર | ૫૮૦ | ૯૫૫ |
| ૧૩ | તુવેર | ૧૩૦૦ | ૧૭૨૫ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૧૮૫ | ૧૪૮૫ |
| ૨ | મગફળી | ૧૧૮૬ | ૧૩૨૪ |
| ૩ | મગ | ૧૪૯૦ | ૧૮૪૦ |
| ૪ | અડદ | ૧૫૩૦ | ૧૭૪૦ |
| ૫ | ઘઉં | ૪૪૦ | ૬૦૦ |
| ૬ | ચણા | ૮૮૦ | ૧૦૧૦ |
| ૭ | ધાણા | ૧૧૮૦ | ૧૨૪૦ |
| ૮ | સોયાબીન | ૮૬૮ | ૮૮૨ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૪૦ | ૧૪૨૦ |
| ૨ | તલ સફેદ | ૨૪૦૧ | ૨૯૫૦ |
| ૩ | તલ પીળા | ૩૮૩૮ | ૪૦૦૫ |
| ૪ | કપાસ | ૧૦૦૦ | ૧૪૪૦ |
| ૫ | બાજરો | ૪૩૦ | ૫૧૫ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૬૬ | ૬૫૧ |
| ૭ | જુવાર | ૬૧૨ | ૧૩૩૪ |
| ૮ | મકાઈ | ૪૦૦ | ૪૦૦ |
| ૯ | મગ | ૧૯૦૧ | ૨૫૫૫ |
| ૧૦ | મેથી | ૧૧૫૦ | ૧૧૫૦ |
| ૧૧ | તુવેર | ૧૩૦૦ | ૧૪૯૩ |
| ૧૨ | ચણા | ૬૫૦ | ૧૨૭૧ |
| ૧૩ | રાજગરો | ૨૪૨૫ | ૨૪૨૫ |
| ૧૪ | સોયાબીન | ૬૭૫ | ૮૩૮ |

# અમરેલી ખાતે ગજેરા કેમ્પસમાં લાયન્સ કલબ (રોયલ)નાં સહયોગથી કેન્સર નિદાન કેમ્પ યોજાયો







શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કુલ અમરેલી અને લાયન્સ કલબ ઓફ અમરેલી રોયલ આયોજિત સ્ત્રીઓને ગર્ભાશય અને બેસ્ટ કેન્સર નિદાન કેમ્પનું વિનામૂલ્યે તપાસનું આયોજન થયું હતું. જે રોટરી કલબ ઓફ ચીખલી રિવરફ્રન્ટ તથા આલીપોર સોસીયલ વેલ્ફેર ટ્રસ્ટ અને રોટરી કલબ ઓફ અમરેલી ગીર તેમજ લાયન્સ કલબ ઓફ અમરેલી દ્વારા અત્યાધુનિક મશીનની મદદથી અમરેલીનાં ૨૧૦ બહેનોની ઘનિષ્ઠ તપાસ કરી જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જે એક રીપોર્ટનો અંદાજિત ખર્ચ ૧૨૦૦૦ થી ૧૭૦૦૦ થતો હોય છે. તે તમામ રીપોર્ટ તદન નિઃશૂલ્ક કરી આપવામાં આવેલ અને આગામી ઈલાજ કરવાનો થાય તો તે પણ વિનામૂલ્યે કરી આપવાનું આરોગ્યલક્ષી સુંદર એન સફળ સેવાકીય કાર્યનું આયોજન થયું. ઉપરોકત કેમ્પને સફળ બનાવવા માટે લાયન કલબ પ્રમુખ દિવ્યેશભાઈ વેકરીયા, લાયન રિતેશભાઈ સોની, લાયન અરૂણભાઈ ડેર, લાયન ધર્મેશભાઈ વિસાવળીયા, લાયન રોહિતભાઈ મહેતા, લાયન રાજુભાઈ ગઢીયા, રોટ, અબરીશભાઈ રાજયગુરૂ સંસ્થાનાં ટ્રસ્ટી ચતુરભાઈ ખુંટ, સંસ્થાનાં ડાયરેટર લાયન વસંતભાઈ પેથાણી જહેમત ઉઠાવી હતી. આ તકે આચાર્યઓ અને સ્ટાફગણ ઉપસ્થિત રહી જરૂરી વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. સંસ્થાનાં પ્રમુખ વસંતભાઈ ગજેરાએ આરોગ્ય ક્ષેત્રે આવા સરસ નિદાન કેમ્પનાં આયોજન બદલ ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતા.

### નવી મતદાર યાદીમાં ૬.૮૭ લાખ મતદારોનો ઉમેરો

## ગુજરાતમાં મતદારોની કુલ સંખ્યા ૪,૯૪,૪૯,૪૬૯ સુધી પહોંચી ગઇ

### લોકસભાની ચૂંટણી પૂર્વે મતદાર યાદી પ્રસિદ્ધ

અમરેલી, તા. ૪

ચૂંટણી પંચની સુચનાનુસાર અને મુખ્ય નિર્વાચન અધિકારીના માર્ગદર્શન હેઠળ રાજયભરમાં તા.૨૭ આકટોબરથી તા.૦૯ ડિસેમ્બર, ૨૦૨૩ સુધી મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ–૨૦૨૪ યોજાયો હતો. તા.૨૭ આકટોબર, ૨૦૨૩ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલી મુસદ્દા મતદાર યાદીમાં ૨,૫૧,૫૪,૯૦૦ પુરૂષ, ૨,૩૬,૦૩,૩૮૨ સ્ત્રી અને ૧,૪૨૭ ત્રીજી જાતિના મળી કુલ ૪,૮૭,૫૯,૭૦૯ મતદારો નોંધાયેલા હતા.

તા.૦૫ જાન્યુઆરી–૨૦૨૪ના રોજ આખરી મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે. જે અનુસાર ૨,૫૪,૬૯,૭૨૩ પુરૂષ, ૨,૩૯,૭૮,૨૪૩ સ્ત્રી તથા ૧,૫૦૩ ત્રીજી જાતિના મળી ૪,૯૪,૪૯,૪૬૯ કુલ મતદારો નોંધાયેલા છે. મતદાર યાદી સુધારણા કાર્યક્રમ દરમિયાન સમગ્ર ચૂંટણી તંત્ર દ્વારા કરવામાં આવેલી સંનિષ્ઠ કામગીરીની ફલશ્રુતિરૂપે આખરી મતદાર યાદીમાં તા.૦૧ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ મતદાર તરીકેની પાત્રતા ધરાવતા ૩,૧૪,૭૩૫ પુરૂષ, ૩,૭૪,૯૭૧ લાખ સ્ત્રી તથા ૫૪ ત્રીજી જાતિના મળી કુલ ૬,૮૯,૭૬૦ મતદારોનો ઉમેરો કરવામાં આવ્યો છે. મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ– ૨૦૨૪ અંતર્ગત અવસાન પામેલા૧,૫૩,૯૫૮ મતદારોના નામ કમી કરવામાં આવ્યા છે. જયારે ૪,૬૦,૧૫૩ મતદારોની વિગતોમાં સુધારા કરવામાં આવ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, હજુ પણ પાત્રતા ધરાવતા નાગરિકો મતદાર યાદીમાં નામ દાખલ કરવા, સુધારો કરાવવા કે કમી કરાવવા ચૂંટણી પંચની મોબાઈલ એપ્લિકેશન Voter Helpline App અને વેબસાઈટ http://voters.eci.gov.in/ ઉપર આનલાઈન પણ ફોર્મ ભરી શકશે અને પોતાના નામની ચકાસણી પણ કરી શકશે.જો નામ ન હોય તો ઉપર જણાવ્યા મુજબ ઓનલાઈન અરજી કરી શકાશે અને સંબંધીત મતદાર નોંધણી અધિકારી અથવા તો કલેકટર કચેરીએ અને પોતાના વિસ્તારના BLO નો સંપર્ક કરીને અરજી કરી શકશે.

હાલની મતદારયાદીની સુધારણા પહેલાના EPIC (મતદાર ઓળખપત્ર)ની વહેંચણીની કામગીરી હાલ રાજયમાં ચાલી રહી છે જયારે હાલમાં જે સુધારણાનો કાર્યક્રમ પૂરો થયેલ છે તેવા EPIC મતદારોને ફેબ્રુઆરી માસના અંત સુધીમાં મળી જાય તે રીતે આયોજન કરેલ છે. તમામ EPIC પોસ્ટ આફિસ મારફતે મતદારને વિનામૂલ્યે મતદારના ઘરે પહોંચાડવામાં આવશે.

મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી પી. ભારતીએ મતદાર યાદીને અદ્યતન અને ક્ષતિરહિત બનાવવા યોગદાન આપનાર રાજયના તમામ નાગરિકો, યુવા મતદારો તથા રાજકીય પક્ષો દ્વારા નિમવામાં આવેલા બુથ લેવલ એજન્ટ્સનો આભાર વ્યકત કર્યો હતા. સાથે જ મતદાર યાદી સુધારણા કાર્યક્રમને સફળ બનાવનાર કાર્યનિષ્ઠ બુથ લેવલ આફિસર્સ સહિતના સમગ્ર ચૂંટણી તંત્ર તથા મતદાર તરીકે નોંધણી કરાવવા જાગૃતિ ફેલાવનાર તમામ સમાચાર માધ્યમોને પણ બિરદાવ્યા હતા.

## બગસરામાં સોમવારે આયુર્વેદ અષ્ટાંગ કથા યોજાશે

બગસરા, તા. ૪

બગસરા ની બાળકેળવણી મંદિર તથા સીનીયર સીટીઝન પરીવાર તથા સરદાર પટેલ સોશ્યલ ગૃપ બગસરા દ્વારા, અષ્ટાંગ આયુર્વેદ ધામ તળાજાના વૈધ મહેન્દ્રસિંહ સરવૈયાના મુખેથી આયુર્વેદ કથાનું આયોજન બગસરામાં તા. ૦૮/૦૧/૨૦૨૪ ને સોમવારે બપોરે ૨ થી ૫ સુધી. લેઉવા પટેલ સમાજની વાડી ગોકુળપરા બગસરા મુકામે ભવ્ય આરોગ્ય કથાનું આયોજન કરવામાં આવેલ છે, રોગમુકત પરિવાર થકી સ્વસ્થ ભારતની સંકલ્પના સાકાર કરવા માટે રાત–દિવસ મથામણ કરી રહેલ વૈધ ડો. મહેન્દ્રસિંહ સરવૈયા જે મેદરોગ, સાંધાના દુખાવા, કેન્સર, ડાયાબિટીસ, બી.પી, હદયરોગ, શ્વાસ–શરદી એલર્જી, ચામડીના રોગો, બાળ રોગો વગેરે શારીરિક અને માનસિક બીમારીમાંથી અનેક લોકોને રોગમુકત કરી શકયા છે, તેવા રાષ્ટ્રપ્રેમી અને ગૌ પ્રેમી ડો. મહેન્દ્રસિહના મુખેથી ગવાયેલ કથાનું રસપાન કરવા ખાસ પધારવા વિનંતી.

આ કથામાં ગૌ સંસ્કૃતિથી વૈદિક સંસ્કૃતિનો અભ્યુદય શ્રેષ્ઠ સંસ્કૃતિ માટે ગર્ભ સંસ્કાર પ્રાણવાન યુવાધન, વ્યસન મુકત ભારત. સ્વદેશીથી સ્વાવલંબી ભારત. પ્રાકૃતિક ખેતી થી સમૃદ્ધ કિસાન યોગ અને આયુર્વેદ થકી વિશ્વ ગુરૂ ભારત વગેરે સંકલ્પનાઓ સાકાર કરવાના ખ્યાલથી સમગ્ર ગુજરાતમાં વિવિધ જગ્યાએ આયુર્વેદ કથાનું આયોજન થઈ રહ્યું છે. જે અંતર્ગત આગામી સોમવારે બગસરા મુકામે યોજાઈ રહેલ. આયુર્વેદ કથાનો લાભ લેવા બગસરા અને આસ–પાસની આમ જનતાને આયોજક તરફથી અનુરોધ થયેલ છે.

### ૭૨ વર્ષે એકલવાયુ જીવન પસાર કરતા

## સા.કુંડલા ખાતે એક વિસરાઇ ગયેલ રેડિયો કલાકારને મદદ કરવા કાર્યક્રમ યોજાયો

### અનેક સ્થળોએ લોકસાહિત્યનાં કાર્યક્રમો યોજાયા



એક વિસરાઈ ગયેલા રેડિયો કલાકાર કે જે ૭૨ વર્ષની વયે એકલવાયું જીવન જીવે છે, તેમને આર્થિક સહાયની અપીલ સાથે સમગ્ર સાવરકુંડલા શહેર અને તાલુકામાં મૂળ મોરબીના રેડિયો આર્ટીસ્ટ લોકસાહિત્યકાર પ્રવીણભાઈ વ્યાસ નો કાર્યક્રમ યોજાયો.

નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રી વી.ડી.કાણકિયા આર્ટસ અને એમ.આર. સંઘવી કોમર્સ કોલેજ, સનરાઈઝ સ્કૂલ, સાવરકુંડલામાં તમામ હાઈસ્કુલ તથા પ્રાથમિક શાળાઓ માં તથા આસપાસ વંડા, શેલના, આંબરડી, તરવડા વગેરે ગામડાઓમાં લોકસાહિત્ય – હાસ્યરસના કાર્યક્રમનું આયોજન થયેલ.

કાર્યક્રમની શરૂઆતમાં પ્રિ. ડો. એસ.સી. રવિયાએ મોરબીથી પધારેલ પ્રવીણભાઈ વ્યાસનો પરિચય આપેલ. ૨૦,૦૦૦ થી વધુ પુસ્તકોનું વાંચન કરનાર લોક શિક્ષક પ્રવીણભાઈ વ્યાસ છેલ્લા ૫૦ વર્ષથી લોક સાહિત્ય ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન આપી રહ્યા છે તે વિશે વાત કરેલ.

કાર્યક્રમના મુખ્ય વકતા પ્રવીણભાઈ વ્યાસે લોક સાહિત્યની ખૂબ જ રસપ્રદ વાતો કરેલ.

નરસિંહ મહેતા, પાનબાઈ, કબીર, દાદા મેકરણ, જોગીદાસ ખુમાણ, સૌરાષ્ટ્રના સંતો વગેરે અનેકના જીવન કવન પર દ્રષ્ટાંતો સાથે દુહા છંદની રમઝટ બોલાવતા સંસ્કૃતિને ઉજાગર કરે તેવી લોકસાહિત્યની અઢળક વાતો સતત બે કલાક સુધી કરી વિદ્યાર્થીઓને રસ તરબોળ કરેલ.કાર્યક્રમના બીજા ભાગમાં હાસ્યરસની પણ વાતો કરી વિદ્યાર્થીઓને આનંદ કરાવેલ.

કાર્યક્રમના અંતે ભાષાના ઊંડા અભ્યાસી ડો. પ્રો. એમ. જે. પટોળીયાએ લોક સાહિત્ય જીવનના ઘડતરમાં કઈ રીતે ઉપયોગી છે? તે વિશે વાત કરેલ તેમજ લોકસાહિત્યનો મર્મ જાણતા ડો. પ્રો. બી.ડી. વરૂ એ આભાર વિધિમાં લોક સાહિત્યની વાતો સાથે આ કાર્યક્રમમાં નિમિત બનેલ પ્રતાપભાઈ ખુમાણને યાદ કરેલ. કાર્યક્રમને સફળ બનાવવા તમામ સ્ટાફ ગણે જહેમત ઉઠાવેલ. સનરાઈઝ સ્કૂલ બાળકો અને સ્ટાફ દ્વારા ૧૧,૦૦૦/– રૂપિયા જેટલી રકમ ભેટ આપેલ.

આ ઉપરાંત સૂર્યોદય ટ્રસ્ટ પ્રતાપ ખુમાણ બાપૂ સર દ્વારા ૨ જોડી સફારી, ગરમ સ્વેટર, નાઈટ ડ્રેસ અને રોકડ સહાય કરવામાં આવી હતી.

**– ક્ષત્રિય અગ્રણી અને પત્રકાર પ્રતાપ ખુમાણ દ્વારા**

### અયોધ્યાથી પધારેલ અક્ષત કળશને લઈને ઉત્સાહ

## રાજુલામાં શિયા ઈમામી ઈસમાઈલી ખોજા જમાત ખાનામાં ભગવાન શ્રીરામનાં કળશનું સ્વાગત

### હિન્દુ–મુસ્લિમ સમાજનાં આગેવાનો ઉપસ્થિત રહ્યાં




રાજુલા, તા. ૪, રાજુલા શહેરમાં છેલ્લા ઘણા દિવસ શહેરમાં વિવિધ જગ્યાએ કળશનું સ્વાગત અને પૂજન ચાલી રહ્યું છે ત્યારે રાજુલા શહેર સમસ્ત રામમય બનવા જઈ રહ્યું છે અને રામમય બન્યું હોય ત્યારે રાજુલા શહેરમાં શિયા ઈમામી ઈસમાઈલી ખોજા જમાત ખાનામાં ભગવાન શ્રીરામના કળશનું ભવ્યથી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું અને મહિલાઓએ ભવ્ય સ્વાગત કર્યુ હતું અને પૂજા અર્ચના કરી હતી જાણવા મળતી વિગત મુજબ રાજુલામાં આવેલી શિયા ઈમામી ઈસ્માઈલિ ખોજા જમાતખાનામાં મહિલાઓએ ભવ્ય રંગોળી દોરી હતી અને ભગવાન શ્રીરામના કળશનું સ્વાગત કર્યુ હતું. આ કાર્યક્રમમાં સમસ્ત ખોજા સમાજના ભાઈઓ/બહેનોએ અને ખાસ કરીને મહિલાઓએ આ કળશનું સ્વાગત કર્યુ હતું. પરંતુ ખાસ વાત એ છે કે રાજુલા શહેરમાં બે દિવસ અગાઉ તાજનશાપીરના ડુંગર ઉપર પણ હિન્દુ મુસ્લિમ સમાજ સાથે મળીને કળશ પૂજન કર્યા બાદ ફરીથી આજે ખોજા મુસ્લિમ સમાજમાં પણ આ પૂજન કાર્યક્રમ થયા બાદ ભવ્ય હિન્દુ મુસ્લિમની એકતા અને સંગઠન જોવા મળ્યું આ તકે હિંદુ મુસ્લિમ સમાજના આગેવાનો મહિલાઓ ભાઈઓ બહેનો નાની–નાની બાળાઓ ઉપસ્થિતરહ્યા હતા.

## અમરેલીમાં તુલસી પૂજન દિવસની ઉજવણી

અમરેલી, તા. ૪

તાજેતરમાં શ્રી યોગ વેદાંત સેવા સમિતિ–અમરેલી દ્વારા તુલસી પૂજન દિવસની ઉજવણી નિમિત્તે જપ માળા પૂજન, ઋષિ પ્રસાદ સંમેલન, સાધક સ્નેહમિલન, તેમજ તુલસી પૂજન જેવા અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું. જે અંતર્ગત અમરેલી શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી પધારેલા ભાવિક ભકતો દ્વારા તુલસી માતાની આરતી ઉતારી, ફૂલમાળા પહેરાવી, પ્રસાદ ધરાવી અને



પરિક્રમા કરીને સંપૂર્ણ પણે શાસ્ત્રોકત વિધિથી તુલસી પૂજન કરવામાં આવ્યું.

# લીલીયા : કન્યાશાળા અને કુમારશાળાના બાળકો તાલુકા પંચાયત કચેરીની મુલાકાતે






લીલીયા કુમાર શાળા અને કન્યા શાળાના વિદ્યાર્થીઓ દ્વારા તાલુકા પંચાયત કચેરી લીલિયાની તમામ બ્રાન્ચ શાખાઓની રૂબરૂ મુલાકાત લેતા પે. સેન્ટર કુમારશાળા અને કન્યાશાળાના બાળકો ધોરણ ૬થી ૮ ના કુમાર ૭૨ અને કન્યા૧૪૦ કુલ ૨૧૨ બંને શાળાના ત્રણ શિક્ષકો અનુક્રમે અશરફભાઈ કાજી, જલ્પાબેન અને દીપ્તિબેન બાળકો સાથે રહી જુદી જુદી શાખાઓની સરકારી વિવિધ યોજનાઓ વિશે નીચેના શાખા અધિકારીઓ બાળકોને અભ્યાસક્રમ અંતર્ગત માર્ગદર્શન આપવામાં આવ્યું. મદદનીશ તાલુકા વિકાસ અધિકારી કિશોરભાઈ આચાર્ય દ્વારા તાલુકા પંચાયતની વિવિધ કચેરીઓ કયા રૂમમાં કયા અધિકારી બેસે છે. તે અંગેની માહિતી પૂરી પાડવામાં આવી તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી એ.એચ. મકવાણા દ્વારા બાળકોને અભ્યાસ ક્રમ અંતર્ગત પંચાયતી રાજમાં ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, ધારાસભા અને તમામની ચૂંટણી પ્રક્રિયા તેમજ તાલુકા અને જિલ્લા પંચાયતની વિવિધ સમિતિઓ અને તેના કાર્યો તેમજ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીની મારફત થતા પ્રાથમિક શિક્ષણ વિભાગના વિવિધ કામોની વહીવટી પ્રક્રિયાની સમજ આપવામાં આવી અને પ્રાથમિક શિક્ષણ વિભાગની સરકારની વિવિધ યોજનાઓ અંગેનું માર્ગદર્શન બાળકોને પૂરું પાડવામાં આવ્યું. તાલુકાના ધોરણ ૧ થી ૮ ના બાળકોને પ્રેરણા અને પ્રોત્સાહન મળી રહે તે માટે કલસ્ટર કક્ષાએ વિવિધ પ્રવૃત્તિમાં પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ વિદ્યાર્થીઓની પ્રવૃત્તિઓ બુલેટિન બોર્ડ પર પ્રસિદ્ધ થાય અને વર્ષના અંતે તે પ્રવૃત્તિઓનું આલ્બમ બને તે અંગે નવતર પ્રયોગ ઓફિસમાંઅમલમાંમૂકવામાંઆવેલ છે.

## અમરેલી, બગસરા અને ખાંભાનાં ગામોમાં પ્રસ્થાપિત કરવા માટે

# જય સરદાર : ચમારડીથી ૭૦ પ્રતિમાઓનું થયું પ્રસ્થાન

**દરેક ગામોનાં આગેવાનોને પૂ. ભકિતરામબાપુ, ખેડૂત નેતા કાંતિભાઈ સતાસીયાનાં હસ્તે પ્રતિમા અર્પણ કરાઈ**

**આગામી થોડા જ દિવસોમાં નિયત થયેલ દરેક ગામોમાં સરદાર પટેલની પ્રતિમા વાજતે ગાજતે પ્રસ્થાપિત કરાશે**

**ભામાશા ગોપાલભાઈ વસ્તરપરા દ્વારા ૫ હજાર ગામો અને સ્થળોએ પ્રતિમા લગાવવાનો સંકલ્પ લેવાયો છે**

**અમરેલી જિલ્લામાં સૌથી વધુ પ્રતિમા સરદાર પટેલની લાગશે એ એક ઐતિહાસીક ઘટના સાકાર થશે**



અમરેલી, તા. ૪

બાબરાનાં ચમારડી ખાતે આવેલ "રાધે ફાર્મ" ખાતેથી આજે અમરેલી, બગસરા અને ખાંભાનાં ૭૦ ગામોમાં પ્રસ્થાપિત કરવા માટે ૭૦ પ્રતિમાઓનું જય સરદારનાં નારા સાથે પ્રસ્થાન કરવામાં આવેલ. પ્રતિમાના દાતા ભામાશા ગોપાલભાઈ વસ્તરપરાએ ૭૦ જેટલા ગામોમાં સરદાર પટેલની પ્રતિમા લગાવવા માટે તૈયાર થયેલ તમામનો આભાર વ્યકત કર્યો હતો.

આ તકે સાવકુંડલા માનવ મંદિરનાં પૂ. ભકિતરામબાપુએ પણ ઉપસ્થિત રહીને આશીર્વાદ પાઠવ્યા હતા અને ગોપાલભાઈ વસ્તરપરાનાં સરદાર પટેલ પ્રત્યેનાં અપાર પ્રેમની ભારે પ્રશંસા કરીને સૌ કોઈને સરદાર પટેલમાંથી પ્રેરણા લેવાનો અનુરોધ કરેલ.

અનુસંધાન પાના ૬ ઉપર


Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી. (જંગવાળા)
ભૂલ હંમેશા માણસના મગજને ભ્રમિત કરી દે છે,
જો તમે ટ્રેનમાં ટીકીટ ના લીધી હોય તો સમોસા
વેચવા વાળો પણ ટીટી જેવો દેખાય છે !!
લાઇવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 9555811166

ખુબ ખુબ અભિનંદન



અમરેલી જિલ્લા વકીલ મંડળની ચુંટણી લડી સેક્રેટરી પોસ્ટ પર વિજેતા થવા બદલ એડવોકેટ શ્રી જે.આર. વાળા સાહેબ ને ખુબ ખુબ અભિનંદન સહ આપ ઉત્તરોત્તર પ્રગતિના સોપાનો સર કરતા રહો તેવી શુભેચ્છા...
: શુભેચ્છક :
શ્રી વિજયભાઈ લચ્છા (એડવોકેટ)
શ્રી હાર્દિકભાઈ લચ્છા (એડવોકેટ)
શ્રી ચેતનભાઈ સોલંકી (એડવોકેટ)
શ્રી શકિતભાઈ વાળા (એડવોકેટ)
શ્રી હરેશભાઈ સોલંકી (એડવોકેટ)
શ્રી સુરેશભાઈ ભાલાળા (એડવોકેટ)
: અમરેલી :

0 સિબીલ ઉપર મોબાઈલ ખરીદો
આકર્ષક ઓફર સાથે
અમરેલીમાં પહેલી જ વાર...
શ્રીજી સેલ્ફ ફાયનાન્સ
સરળ હપ્તે
કોઈપણ કંપનીના સ્માર્ટ ફોન મેળવો
સ્માર્ટ ફોન સાથે શ્યોર ગીફ્ટ તો ખરી જ...
■ ન કોઈ એરીયા લીમીટ
■ ઓછા ડાઉન પેમેન્ટથી મેળવો
નવા મોડલ હાજર સ્ટોકમાં





શ્રીજી મોબાઈલ
૭-૮, રાજકમલ ચોક, મ્યુનીસીપલ શોપીંગ સેન્ટર, નાના બસ સ્ટેન્ડ ચોક, અમરેલી.
હાર્દિક સેંજલીયા - મો. ૯૮૨૫૫ ૪૯૯૯૧

SAMSUNG
વ્યાજબી ભાવ, સર્વોત્તમ સર્વીસ,
ઉતમ પ્રોડકટ એજ અમારી ઓળખ !



0% વ્યાજદર
INSTANT CASHBACK OFFER
સરળ માસીક હપ્તે વસાવો
SERVICE SUPPORT | EXCHANGE OFFER | FREE INSTALLATION | EASY EMI AVAILABLE
BAJAJ FINSERV | HOME CREDIT FINANCE | HDFC BANK | HDB FINANCIAL SERVICES
અમરેલી જિલ્લાનો સૌથી વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત શોરૂમ
રામ એન્ટરપ્રાઈઝ
હોટેલ અવધ પાસે, માર્કેટયાર્ડ રોડ, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૭૪૨, મો. ૯૪૮૪૪ ૫૯૫૪૭

આમ આદમીનું અખબાર
અમરેલી એક્સપ્રેસ
amreli express




સચોટ-સટીક
સાતત્યસભર દૈનિક

આપના માટે લાવી રહ્યું છે લવાજમ યોજના
વાર્ષિક લવાજમ યોજના ૨૦૨૪
લવાજમ ભરો માત્ર ₹ ૮૯૯/-
અને મેળવો આખું વર્ષ અમરેલી એક્સપ્રેસ...

સાવરકુંડલામાં
એજન્ટ/પત્રકારની નિમણુંક થયેલ છે



કેવલ વેલાણી (સાવરકુંડલા)
સાવરકુંડલા શહેરમાં "અમરેલી એક્સપ્રેસ" દૈનિકના પત્રકાર કમ એજન્ટ તરીકે કેવલ વેલાણી ની નિમણુંક કરવામાં આવી હોય પ્રેસનોટ, અવસાનનોંધ, જાહેરખબર અને વર્તમાનપત્ર મેળવવા માટે સંપર્ક કરો.
કેવલ વેલાણી
મો. ૯૯૯૮૭ ૭૮૨૮૧-સાવરકુંડલા

લવાજમની મુદ્દત
તા.૦૧-૦૧-૨૦૨૪
થી
તા.૩૧-૧૨-૨૦૨૪

કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨, મો. ૯૮૨૫૦૦૭૪૪૩
www.amreliexpress.com
e-mail : amreliexpress7@gmail.com


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)